પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૧૮૯ • કુલ પાના : ૪ • તારીખ : ૦૬-૦૪-૨૦૨૨ બુધવાર • કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## કોંગ્રેસ માટે આગળનો રસ્તો પહેલા કરતા વધુ પડકારજનક, સંગઠનમાં એકતા જરૂરી: સોનિયા ગાંધી



નવીદિલ્હી,

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ મંગળવારે સંસદ ભવનમાં કોંગ્રેસ સંસદીય દળની બેઠકને સંબોધિત કરતા કહ્યું કે કોંગ્રેસ માટે આગળનો રસ્તો પહેલા કરતા વધુ પડકારજનક છે, આપણી લચીલાપણાના ભાવનાની આકરી પરીક્ષા છે. સાથે જ કહ્યું કે સંગઠનમાં દરેક સ્તરે એકતા સૌથી મહત્વપૂર્ણ છે. બેઠકમાં વર્તમાન રાજકીય સ્થિતિ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. સીપીપીની બેઠકનો સંબોધિત કરતા તેમણે કહ્યું કે સીડબ્લ્યુસી બેઠક તાકિદે બોલાવવામાં આવશે આ સાથે જ ટુંક સમયમાં જ ચિંતિન શિબારનું આયોજન કરવામાં આવશે તેમણે પાર્ટીની મજબુતી પર ભાર મુકયો અને કહ્યું કે સમય આવી ગયો છે કે કોંગ્રેસના નેતા પરસ્પર મતભેદ ભુલી પાર્ટીને મજબુત કરે કારણ કે દેશ માટે કોંગ્રેસ જરૂરી છે.

સોનિયા ગાંધીએ સીપીપીની બેઠકમાં કહ્યું કે કોંગ્રેસનું ફરી મજબૂત થવું ફક્ત આપણા માટે જ મહત્વનું નથી, પરંતુ તે આપણા લોકતંત્ર અને સમાજ માટે પણ જરૂરી છે. સંગઠનમાં દરેક સ્તરે એકતા એ સૌથી મહત્ત્વની બાબત છે તેની ખાતરી કરવા માટે જે પણ જરૂરી છે તે કરવા હું સંકલ્પબદ્ધ છું, કોંગ્રેસ માટે હાલમાં તેના સૌથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહી છે, સોનિયા ગાંધીએ કહ્યું કે કોંગ્રેસ માટે આગળનો માર્ગ પહેલા કરતા વધુ પડકારજનક છે, જે આપણી સ્થિતિસ્થાપકતાની ભાવનાની કસોટી છે.

પાર્ટીની અંદર તમામ સ્તરે એકતાની જરૂરિયાત પર ભાર મૂકતા કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ મંગળવારે કહ્યું કે આ લોકશાહી અને સમાજ માટે પાર્ટીનું ફરી મજબૂત થવુ જરૂરી છે. સોનિયા ગાંધીએ ભાજપ પર તેના "ધ્રુવીકરણ એજન્ડા" પર નિશાન સાધ્યું.

કોંગ્રેસ વર્કિંગ કમિટીની તાજેતરની બેઠકનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે તેઓ જાણે છે કે તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં હારથી નેતાઓ કેટલા નિરાશ હતા. તેમણે ચિંતન શિબિરોનું આયોજન કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. સોનિયા ગાંધીએ વધુમાં કહ્યું "આગળનો રસ્તો વધુ પડકારજનક છે. અમારા સમર્પણ, સુગમતા અને પ્રતિબદ્ધતાની કસોટી કરવામાં આવે છે. અમારા વ્યાપક સંગઠનના દરેક સ્તરે એકતા જરૂરી છે. આ સુનિશ્ચિત કરવા માટે જે પણ જરૂરી છે તે કરવા હું પ્રતિબદ્ધ છું."

આ સાથે સોનિયા ગાંધીએ એમ પણ કહ્યું કે, જે સૂચનો મળ્યા છે તેના પર કામ કરવામાં આવી રહ્યું છે.કોંગ્રેસ પાર્ટીમાં પરિવર્તન અંગે સોનિયા ગાંધીએ કહ્યું કે, પાર્ટીમાં એકતા સર્વોપરી છે અને તેને સુનિશ્ચિત કરવા માટે હું દરેક પગલું ભરવા તૈયાર છું.

કોંગ્રેસમાં પરિવર્તન માત્ર પક્ષ માટે જ નહીં પરંતુ દેશના લોકતંત્ર અને સમાજ માટે પણ જરૂરી છે. હું જાણું છું કે તાજેતરની ચૂંટણીમાં હારથી તમે બધા કેટલા દુઃખી છો. પરિણામો આઘાતજનક અને ઉદાસી હતા. દેશને તોડવાનો અને ધ્રુવીકરણ કરવાનો સરકારનો એજન્ડા ચાલુ છે.

ભાજપ પર તેના "વિભાજન અને ધ્રુવીકરણના એજન્ડા" પર પ્રહાર કરતા સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, વિભાજન સમયે તથ્યો અને ઈતિહાસને વિકૃત કરવું એ શાસક પક્ષ માટે નિયમિત બાબત બની ગઈ છે. "અમે ભાજપને સદીઓથી આપણા વૈવિધ્યસભર સમાજને એકીકૃત અને સમૃદ્ધ બનાવનાર સૌહાર્દના સંબંધોને બગાડવા નહીં દઈએ." તેમણે કોંગ્રેસ નેતાઓને મોંઘવારી વિરૂધ્ધ પોતાનો અવાજ મજબુત કરવા માટે જણાવ્યું હતું તેમણે જરૂરી ચીજવસ્તીઓના વધતા ભાવ અંગે તેમણે કેન્દ્ર સરકારની ટીકા કરી હતી.

પાંચ રાજ્યોમાં તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં કારમી હારનો સામનો કર્યા બાદ કોંગ્રેસ સંસદીય દળની આ પ્રથમ બેઠક છે. પાર્ટીએ આ વર્ષે ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં વિધાનસભા ચૂંટણીનો સામનો કરવાનો છે. બીજી તરફ કોંગ્રેસ આ દિવસોમાં આંતરિક વિખવાદનો સામનો કરી રહી છે. એક તરફ મધ્યપ્રદેશના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અરુણ યાદવ નારાજ છે તો બીજી તરફ છત્તીસગઢ અને રાજસ્થાનનો મુદ્દો ઉકેલાયો નથી.

તેમણે કહ્યું કે આપણા ચાર ખુબ વરિષ્ઠ અને અનુભવી સાથી તાજેતરમાં રાજયસભામાંથી નિવૃત થયા છે.તેમાંથી પ્રત્યેકે પોતાના કાર્યકાળ દરમિયાન ખુબ યોગદાન આપ્યું છે.હું તે તમામને અભિનંદન આપું છે.મને વિશ્વાસ છે કે તે તમામ જાહેર અને રાજનીતિક જીવનમાં કોઈને કોઈ રીતે જોડાયેલા રહેશે અને આપણી પાર્ટીને મજબુત કરવા માટે કામ કરવાનું જારી રાખશે પાર્ટીથી નારાજ ચાલી રહેલ નેતાઓને સોનિયાએ ઈશારો આપ્યો કે તે તાકિદે અનેક પરિવર્તન કરનાર છે જયારે બીજી તરફ વર્કિંગ કમિટીની બેઠકને પણ બોલાવવાની વાત કરી હતી સોનિયાએ કહ્યું કે હું સારી રાતે જાણુ છું કે તાજેતરની ચુંટણી પરિણામોથી અમે કેટલા નિરાશ છે તે ચોંકાવનાર અને દર્દનાક બંન્ને રહ્યાં છે.કોંગ્રેસે બીજીવાર જીવતી કરવા માટે અનેક નિર્ણય લેવાની માંગ કરી રહ્યાં છે. જી ૨૩થી કહ્યું કે તેમને પાર્ટીને મજબુત કરવાની બાબતમાં અનેક સુચન મળ્યા છે અને તે તેના પર કામ કરી રહ્યાં છે.તેમણે કહ્યું કે ચિંતન શિબિર તે જગ્યા છે જયાં મોટી સંખ્યામાં પાર્ટીના લોકોના સુચન સાભળવામાં આવશે

## નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ભારતની વેપાર ખાધમાં ૮૮ ટકાનો વધારો થયો

નવીદિલ્હી,

દેશની વેપાર ખાધ એટલે કે વેપારમાં ઘટાડો નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ૮૭.૫ ટકા વધીને ૧૯૨.૪૧ અબજ ડોલર થઈ ગયો છે. અગાઉના નાણાકીય વર્ષમાં તે ૧૦૨.૬૩ અબજ ડોલર હતો. સોમવારે જાહેર કરવામાં આવેલા સરકારી આંકડામાં આ માહિતી મળી છે.

ગયા નાણાકીય વર્ષમાં નિકાસ રેકોર્ડ ૪૧૭.૮૧ અબજ ડોલર રહી હતી જયારે આયાત પણ વધીને ૬૧૦.૪૧ અબજ ડોલર થઈ હતી. જેના કારણે વેપાર ખાધ ૧૯૨.૪૧ અબજ ડોલર રહી હતી.નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં આયાત ૬૧૦.૨૨ અબજ ડોલર રહી હતી

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારતની વસ્તુઓની માલસામાનની આયાત ૩૧ માર્ચ ૨૦૨૨ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષમાં ૫૪.૭૧ ટકા વધીને ૬૧૦.૨૨ અબજ ડોલર થઈ ગઈ છે. અગાઉ તે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ૩૯૪.૪૪ અબજ ડોલર હતું. તે જ સમયે ૨૦૧૯-૨૦માં ૪૭૪.૭૧ અબજ ડોલર કરતાં ૨૮.૫૫ ટકાથી વધુ છે.

આ વર્ષે માર્ચમાં વેપાર ખાધ ૧૮.૬૯ અબજ ડોલર રહી હતી. સમગ્ર નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં તે ૧૯૨.૪૧ અબજ ડોલર હતું. પહેલી વાર એક મહિનામાં દેશની નિકાસનો આંકડો ૪૦ અબજ ડોલર એટલે કે ૪૦.૩૮ અબજ ડોલરથી ઉપર રહ્યો છે. જે એક મહિના પહેલા ફેબ્રુઆરીના ૩૫.૨૬ અબજ ડોલરની સરખામણીમાં ૧૪.૫૩ ટકા વધુ છે. આ માર્ચ ૨૦૨૦માં ૨૧.૪૯ અબજ ડોલરની સરખામણીમાં ૮૭.૮૯ ટકાનો વધારો છે.

## મહેસાણા : વનરક્ષક પેપરમાં ગેરરીતિ કેસના ૮ આરોપીઓને જેલ હવાલે કરવામાં આવ્યા

મહેલાણા,


મહેસાણા જિલ્લામાં ૭૯ પરીક્ષા કેન્દ્રો પર થોડા દિવસ પહેલા વન રક્ષકની પરીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષામાં ઉનાવા મીરા દાતાર હાઈસ્કુલમાં પેપર ફૂટ્યાનો દાવો કરવામાં આવ્યો હતો. જોકે, વહીવટી તંત્ર દ્વારા ઉમેદવાર પાસેથી સાહિત્ય પકડાયું હતું અને કોપી કેસની ઘટના સ્વીકારી કાર્યવાહી હાથ ધરાઈ હતી. ત્યારે પરીક્ષામાં ગેરરીતી થયાના આક્ષેપો બાદ ઉમેદવાર સામે હાલમાં કોપી કેસ કરવામાં આવ્યો હતો, ત્યારબાદ આ કેસમાં કુલ ૮ લોકો સંડોવાયેલા હોવાનું સામે આવતા તમામને પોલીસ કસ્ટડીમાં લેવામાં આવ્યાં હતા.

જે બાદ તમામ આરોપીઓના ઊંઝા કોર્ટે ૪ દિવસના રીમાન્ડ મંજૂર કર્યા હતા. જે આરોપીઓના રીમાન્ડ પૂર્ણ થયા હતા. જેથી આરોપીઓને કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા. બાદમાં કોર્ટના હુકમથી ૮ આરોપીઓને જેલ હવાલે કરવામાં આવ્યા હતા

વનરક્ષક પેપરમાં ત્રણ પરીક્ષાર્થીને ગેરરીતિ આચરવામાં મદદ કરવાના પ્રકરણમાં થયેલા પર્દાફાશ બાદ પોલીસે શિક્ષક રાજુ ચૌધરી, પટ્ટાવાળો ઘનશ્યામ પટેલ, સુપરવિઝન કરનાર અલ્પેશકુમાર કાંતિલાલ પટેલ, સુમિત કુમાર વાલજી ચૌધરી, પરીક્ષાર્થી મનીષા ઉર્ફ માયા ચૌધરી, જગદીશ શિવરામ ચૌધરી, ચૌધરી મૌલિક ઉર્ફ હાર્દિક હીરાભાઈ, રવિ કનુભાઈ મકવાણાને ઊંઝા કોર્ટે ૪ દિવસના રિમાન્ડ પર સોંપવાનો હુકમ કર્યો હતો.

આ આરોપીઓના રિમાન્ડ પૂર્ણ થયા બાદ તમામને ઊંઝા ચીફ જ્યુડિશિયલ કોર્ટમાં રજૂ કરાયા હતા. તમામ આરોપીઓએ ઊંઝા કોર્ટમાં જામીન અરજી દાખલ કરવામાં આવી હતી, જેની સુનાવણી પુરી થતા સોમવાર ઉપર જામીન અરજીનો ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે તેવું સરકારી વકીલે જણાવ્યું હતું.

## ભારત વિરુદ્ધ ખોટી વાતો ફેલાવનાર ચાર પાકિસ્તાની ચેનલો સહિત ૨૨ યુટ્યુબ ચેનલ બ્લોક




નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે ભારત વિરોધી પ્રચાર અને ફેક ન્યૂઝ ફેલાવવાના મામલે કડક કાર્યવાહી કરી છે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે મંગળવારે ભારતની રાષ્ટ્રીય સુરક્ષા, વિદેશી સંબંધો અને જાહેર વ્યવસ્થા સાથે સંબંધિત પ્રચાર ફેલાવવા બદલ ૨૨ યુટ્યુબ ચેનલોને બ્લોક કરી દીધી છે. યુટ્યુબની ૨૨ ચેનલોમાં પ્રથમ વખત, ૧૮ ભારતીય ચેનલો છે જેને આઈટી નિયમો, ૨૦૨૧ હેઠળ બ્લોક કરવામાં આવી છે. જ્યારે પાકિસ્તાનની ચાર યુટ્યુબ ચેનલો છે. આ સાથે ૩ ટ્વિટર એકાઉન્ટ, ૧ ફેસબુક એકાઉન્ટ અને ૧ ન્યૂઝ વેબસાઈટ પણ બ્લોક કરવામાં આવી છે. મંત્રાલયે કહ્યું કે આ યુટ્યુબ ચેનલોને લોકોને ગેરમાર્ગે દોરવા અને ખોટી અને નકલી સામગ્રી બતાવવા માટે બ્લોક કરવામાં આવી છે.

મહિતી અને પ્રસારણ મંત્રાલયે જણાવ્યું છે કે આ ચેનલોને બ્લોક કરવા માટે આઈટી નિયમો, ૨૦૨૧નો ઉપયોગ કરવામાં આવ્યો છે. બ્લોક કરાયેલી યુટ્યુબ ચેનલોની કુલ વ્યુઅરશિપ ૨૬૦ કરોડથી વધુ હતી. આ ચેનલો ભારતના વિદેશ સંબંધો અને જાહેર વ્યવસ્થા જેવા સંવેદનશીલ મુદ્દાઓ પર સોશિયલ મીડિયા પર ખોટા સમાચાર ફેલાવી રહી હતી. આ સિવાય રાષ્ટ્રીય સુરક્ષાને લઈને પણ ખોટા સમાચાર ફેલાવવામાં આવી રહ્યા હતા.

મંત્રાલયે ધ્યાન દોર્યું કે ભારતીય સશસ્ત્ર દળો, જમ્મુ અને કાશ્મીર વગેરે જેવા વિવિધ વિષયો પર નકલી સમાચાર પોસ્ટ કરવા માટે ઘણી યુટ્યુબ ચેનલોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઘણા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ભારત વિરોધી કન્ટેન્ટ પણ પ્રસારિત કરવામાં આવી રહ્યું હતું. આ માટે પાકિસ્તાનમાં હાજર ચેનલોની મદદ લેવામાં આવી રહી હતી. મંત્રાલયે કહ્યું કે એવું જોવામાં આવ્યું છે કે આ ભારતીય યુટ્યુબ ચેનલો દ્વારા યુક્રેનની વર્તમાન પરિસ્થિતિ સાથે સંબંધિત ઘટનાઓ પર મોટી માત્રામાં જુઠ્ઠાણું ફેલાવવામાં આવ્યું હતું. તેનો ઈરાદો વિદેશો સાથે ભારતના સંબંધો બગાડવાનો હતો. આ ચેનલો પરથી ભારત વિરુદ્ધના સમાચારો પણ પ્રસારિત કરવામાં આવતા હતા.

આ યુટ્યુબ ચેનલો ખૂબ જ ચતુરાઈથી તેમનું કામ ચલાવી રહી હતી. અવરોધિત યુટયુબ ચેનલો દર્શકોને વિશ્વાસ અપાવવા માટે કે સમાચાર અધિકૃત છે તે માટે કેટલીક ટીવી ન્યૂઝ ચેનલોના નમૂનાઓ અને લોગોનો ઉપયોગ કરતી હતી, જેમાં તેમના ન્યૂઝ એકરના ફોટો પણ સામેલ હતા. ખોટા થંબનેલ્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સોશિયલ મીડિયા પર કન્ટેન્ટ વાયરલ કરવા માટે વીડિયોનું ટાઈટલ અને થંબનેલ વારંવાર બદલવામાં આવતું હતું. કેટલાક કિસ્સાઓમાં, એવું પણ જોવા મળ્યું હતુ કે પાકિસ્તાનમાંથી ભારત વિરોધી નકલી સમાચાર આવી રહ્યા છે. ડિસેમ્બર ૨૦૨૧માં પણ ભારત સરકારે ૭૮ યુટ્યુબ ચેનલોને બ્લોક કરી દીધી હતી.

## કિમ જોંગની બહેને દક્ષિણ કોરિયાને આપી પરમાણુ હુમલાની ધમકી, તબાહ કરી દઈશું

પ્યોગયોંર,

ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ ઉનની બહેને પરમાણુ હુમલાથી દક્ષિણ કોરિયાને તબાહ કરવાની ધમકી આપી છે. યો જોંગે કહ્યું, અમે યુદ્ધની વિરુદ્ધ છીએ, પરંતુ જો દક્ષિણ કોરિયા લડવા માંગે છે તો અમે પરમાણુ હુમલો કરી શકીએ છીએ. યો જોંગ શાસક પક્ષના વરિષ્ઠ અધિકારી છે.

યો જોંગે કહ્યું કે દક્ષિણ કોરિયાએ ચર્ચા દરમિયાન દેશની સૈન્ય ક્ષમતાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે દક્ષિણ કોરિયાના સંરક્ષણ પ્રધાનના આ નિવેદનને કારણે અમારા સંબંધો વધુ ખરાબ થયા છે, જેના કારણે સૈન્ય બળ પહેલા કરતા વધુ વધી ગયું છે.

ઉલ્લેખનીય છે કે , ભૂતકાળમાં દક્ષિણ કોરિયાના મંત્રી સુહ વૂકે એક નિવેદનમાં કહ્યું હતું કે તેમના દેશ પાસે ઘણી પ્રકારની મિસાઈલો છે જે ઉત્તર કોરિયાના કોઈપણ ઠેકાણા પર ચોક્કસ હુમલો કરી શકે છે. તેણે ઉત્તર કોરિયાને પોતાનો દુશ્મન પણ ગણાવ્યો છે. તે જ સમયે, દક્ષિણ કોરિયાના આ નિવેદન પર ઉત્તર કોરિયાએ કહ્યું કે આ નિવેદનના ખૂબ ગંભીર પરિણામો આવી શકે છે.

વાસ્તવમાં, ઉત્તર કોરિયાએ ભૂતકાળમાં ઘણી વખત ચેતવણી આપી છે કે જો દક્ષિણ કોરિયા અથવા અમેરિકા તેમને પડકાર આપે છે, તો તેઓ પરમાણુ હથિયારોના ઉપયોગથી પાછળ નહીં હટે. તે જ સમયે, એવું માનવામાં આવે છે કે ઉત્તર કોરિયા લાંબા સમયથી જે રીતે મિસાઈલ પરીક્ષણ કરી રહ્યું છે તે જોતા દક્ષિણ કોરિયાએ આ પ્રકારનું નિવેદન આપીને તેના દેશની મિસાઈલ શક્તિનો ઉલ્લેખ કર્યો હતો.

## રશિયા-યુક્રેન યુદ્ધની અસર : ભારતના ઉત્તરાખંડમાં અંધારપટની આશંકા

દહેરાદુન,

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર ઉત્તરાખંડમાં જોવા મળી રહી છે. ઉત્તરાખંડમાં વીજળીના પુરવઠામાં ઘટાડો થયો છે. ઉત્તરાખંડ પાવર કોર્પોરેશન લિમિટેડએ આ વાત સ્વીકારી છે.યુપીસીએલના એમડી અનિલ કુમારે ઉર્જા મંત્રાલય ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. તેમણે કહ્યું હતુ કે અત્યારે વીજળીની માગ ૪૦ મિલિયન યુનિટથી ઉપર જઈ રહી છે જયારે વીજળીની સામાન્ય ઉપલબ્ધતા ૨૭ થી ૨૯ મિલિયન યુનિટની આસપાસ છે.

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને કારણે ગેસ મોંઘો થયો છે અને સપ્લાય પર પણ અસર પડી છે. તેથી ગેસ આધારિત પાવર પ્લાન્ટમાંથી વીજળીનો પુરવઠો પણ બંધ થઈ ગયો છે. ઉત્તરાખંડના પાવર પ્લાન્ટ પણ ગેસની કિંમતના કારણે બંધ છે. આ કારણે નેશનલ એક્સચેંજ પણ અછત સતત વધી રહી છે. તેમણે કહ્યું હતું કે દરરોજ યુપીસીએલને સરેરાશ ૧૦ મિલિયન યુનિટ વીજળી પૂરી પાડવામાં આવે છે.

સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશનએ વીજળી ઉત્પાદકોની મનમાની પર પ્રતિબંધ મૂક્યો છે. આનાથી યુપીસીએલને પણ રાહત મળી છે. માહિતી અનુસાર સીઈઆરસીએ સ્પષ્ટ કર્યું છે કે, નેશનલ એક્સચેન્જમાં વીજળીની મહત્તમ કિંમત માત્ર ૧૨ રૂપિયા પ્રતિ યુનિટ વસૂલવામાં આવી શકે છે. અત્યાર સુધી પીક ઓવર મુજબ ઘણા ઉત્પાદકો તેમની વીજળી ૨૦ રૂપિયા સુધી વેચતા હતા.

### છેલ્લા બે વર્ષમાં મહિલાઓમાં આત્મહત્યાનું પ્રમાણ વધ્યું

## ૨૦૨૦માં કુલ ૪૪,૪૯૮ મહિલાઓએ આત્મહત્યા કરી હતી જેમાંથી ૨૨,૩૭૪ ગૃહિણીઓ

નવીદિલ્હી,

મહિલાઓ પર અત્યાચારના બનાવો દિન-પ્રતિદિન વધીરહ્યા છે. ખાસ કરીને ઘરકામ કરતી મહિલાઓ એટલે ગૃહિણીઓની હાલત વધુ કફોડી છે. છેલ્લા બે વર્ષમાં કોરોનાકાળના કારણે માનસીક ત્રસ્ત થઈને આત્મહત્યા કરનાર મહિલાઓની સંખ્યામાં વધારો નોંધાયો છે. આ ચોંકાવનારા આંકડાની સપષ્ટતા લોકસભામાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવ્યા હતા. જે આંકડાઓ સામે આવ્યા છે તે જોતા દ્રષ્ટિમાન થાય છે કે, ગૃહિણીઓની હાલત દિવસેને દિવસે દયનીય બની રહીછે.

લોકસભામાં રજૂ કરવામાં આવેલા આંકડા પ્રમાણે ગુજરાતમાં વર્ષ ૨૦૧૯ માં કુલ ૨૪૮૬ મહિલાઓએ આત્મહત્યા કરી પોતાનો જીવ ગુમાવ્યો હતો, જેમાંથી ૬૫% ગૃહિણી હતી. વર્ષ ૨૦૧૯માં ૧૬૮૯ ગૃહિણીએ પોતાનો જીવ આત્મહત્યા દ્વાર ગુમાવ્યો હતો. ૨૦૨૦માં મહિલાઓની આત્મહત્યાઓનું દર વધીને ૨૫૪૨ થઈ ગયુ હતું જેમાં ૧૯૩૬ ગૃહિણીઓ હતી. આમ વર્ષ ૨૦૨૦ માં આત્મહત્યા કરવામાં ગૃહિણીનું પ્રમાણ ૭૦% જેટલું થઈ ગયું છે. બે વર્ષમાં કુલ ૩૪૨૫ મહિલાઓએ આત્મહત્યા કરી પોતાનો જીવ ગુમાવ્યો છે.

મહિલાઓમાં ખાય કરીને ગૃહિણીઓ ની આત્મહત્યા કરવાના દરમાં વધારો થવાના કારણોમાં મોખરે ઘર કંકાસ છે. જે ખાસ કરીને કોરોના સમયમાં ખુબ જ વધ્યો હતો. મહિલાઓ પાસે કોઈ આરોના રહેતા અંતે તે જીવન ટુંકાવાનું વધુ મુનાસીબ સમજે છે. જેને લીધે આત્મહત્યાના દરમાં ચિંતાજનક વધારો થયો છે. વર્ષ ૨૦૧૯માં સમગ્ર દેશમાં ૪૧,૪૯૩ મહિલાઓએ આત્મહત્યા કરી હતી જેમાંથી ૨૧,૩૫૯ ગૃહિણીઓ હતી અને વર્ષ ૨૦૨૦માં કુલ ૪૪,૪૯૮ મહિલાઓએ આત્મહત્યા કરી હતી જેમાંથી ૨૨,૩૭૪ ગૃહિણીઓ હતી. આમ દેશભરમાં આત્મહત્યા કરવામાં મહિલા ગૃહિણીઓનું પ્રમાણ વધારે જોવા મળી રહ્યું છે. જો આ રીતે જ મહિલાઓની મુશ્કેલીઓને નજરઅંદાજ કરવામાં આવશે તો આ આંકડા વધુ વધશે તેમાં કોઈ બે મત નથી.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

હરીઓમ સ્વ સહાય જુથ

મુ. દુધીયા, તા.લીમખેડા, જી. દાહોદ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

મહાલક્ષ્મી સખી મંડળ

મુ. ઘુમણી(દ)-દુધીયા, તા.લીમખેડા, જી. દાહોદ

## નમામિ ગંગા યોજનાના ૬૮૭ કરોડનો ઉપયોગ નીતીશ સરકારે કર્યો નથી



પટણા,

દેશની સૌથી લાંબી નદી ગંગાને સાફ કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલ મહાત્વાકાંક્ષી યોજના નમામિ ગંગેને લઈ કેગના એક રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. કેન્દ્ર સરકાર તરફથી નમામિ ગંગે હેઠળ પટણાના સીવરેજ સિસ્ટમને સુધારવા માટે જે પૈસા આપવામાં આવ્યા હતાં તેનો એક મોટો હિસ્સો ખર્ચ કરવામાં આવ્યો નથી જેને કારણે પ્રોજેકટ પોતાના નિર્ધારિત સમયથી પાછળ ચાલી રહ્યો છે.

બિહાર વિધાનસભામાં રજુ કરવામાં આવેલ રિપોર્ટ અનુસાર બિહાર સ્ટેટ ગંગા રિવર કંઝર્વેશન એન્ડ પ્રોગ્રામ મેનેજમેંટ સોસાટી (બીસીસીએમએસ)એ ગત ચાર વર્ષો દરમિયાન કેન્દ્ર તરફથી આપવામાં આવેલ ફંડમાંથી ૬૮૪ કરોડ રૂપિયાની રકમ ખર્ચ જ કરી નથી

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે નાણાંકીય વર્ષ ૨૦૧૬-થી ૨૦૧૯-૨૦ની વચ્ચે મળેલ ફંડમાંથી ફકત ૧૬થી ૫૦ ટકા જ ફંડનો ઉપયોગ કરવામાં આવ્યો છે જયારે રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશન પણ ગત હપ્તામાં જારી રકમનો ખર્ચ સુનિશ્ચિત કર્યા વિના જ આગામી ફંડનો હપ્તો જારી કરી દેવામાં આવ્યો છે જેના પરિણામે બીજીસીએમએસના બચત ખાતામાં લગભગ ૬૮૩ કરોડ રૂપિયા જમા થઈ ગયા છે.

રિપોર્ટમાં અંતમાં કહેવામાં આવ્યું છે કે પરિયોજના અમલીકરણ માટે જવાબદાર બિહાર શહેરી અધિસંચના વિકાસ નિગમ લિમિટેડ(બિડકો) પણ કાર્યોને પુરા કરવા માટે નિર્ધારિત સમય સીમાનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યું છે.જો કે બિડકોના પ્રબંધક નિદેશકે કહ્યું કે કેગનો રિપોર્ટ હજુ તેમને મળ્યો નથી પરંતુ અમે તાકિદે પટણાના તમામ એસટીપીનું કાર્ય પુરૂ કરી લઈશું.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# કડાણા ડેમમાંથી માછલીઓ પકડવાની સૈફુદ્દીન ઉલ્માન આગલોડિયાનો હક જારી રહેશે



સંતરામપુર,
કોરોનાની મહામારી અને રાજયની સ્થિતિ જોતાં કડાણા ડેમમાંથી માછલીઓ પકડવાનો કાયદેસરનો હક-લાયસન્સ ધરાવતા ગામ ભાગલ, જિલ્લા પાલનપુરના અરજદાર સૈફુદ્દીન ઉલ્માન આગલોડિયાને ડેમમાંથી મછલીઓ પકડવાનો કરાર જારી રહે છે. એમ ગુજરાત હાઈકોર્ટે પોતાના તા.૨૨-૦૩-૨૨ના હુકમમાં જણાવ્યું હતું. 11866 of 2021 ઓર્ડર ક્રમ અનુસાર અરજદાર સૈફુદ્દીન આગલોડિયા કડાણા ડેમમાંથી માછલીઓ પકડી શકવા હકદાર છે. અરજદારના વકીલ પ્રેમલ રાચે કોર્ટમાં જોરદાર દલીલો કરતાં પોતાના અસીલને તેમનો માછલીઓ પકડવાનો હક તા.૨૨/૦૬/૨૦૨૨ સુધી રહેવોનો અને ત્યાર પછી લાયસન્સ ફી ભરીને તેનો આગામી પાંચ વર્ષ સુધી ચાલુ રાખવાનો છે. તેવી દલીલનો સરકારી વકીલ કોઈ જ જવાબ આપીલ શકયા ન હતા. પ્રતિવાદી ગુજરાત રાજયના મત્સ્ય ઉદ્યોગ દ્વારા એક તરફી રીતે કાયદાનો અર્થઘટન કરીને અસીલ સેફુદદીન આગલોડિયાને નાહક પરેશાન કરવામાં આવ્યા હતા. એવી દલીલ પણ પ્રેમલ રાચે કરતાં અંતે કોર્ટે વાદી સેફુદ્દીનને નિયત સમયમાં એટલે કે ૪૫ દિવસોમાં લાયસન્સ ફીની અર્ધી રકમ ભરી દેવા અને બાકીની રકમ બીજો હપ્તા તરીકે ૪૫ દિવસમાં ભરી દેવા ઓર્ડર કર્યા હતો. આમ અરજદાર સેફુદ્દિન ઉસ્માન આગલોડિયાને કડણા ડેમમાંથી માછલીપાલનનો કારોબાર જારી રાખવા હુકમ કર્યો હતો. અરજદાર સૈફુદ્દીન આગલોડિયાએ તમામ રકમ નિયત સમયમાં ભરી દેવાની બાંહેધરી આપતી તેમના લાયસન્સને બહાલ કરવામાં આવ્યો હતો. આમ અરજદાર અને કડાણા ડેમમાંથી માછલીઓ પકડવાનો પરવાનો-લાયસન્સ ધરાવતા સેફુદ્દીન ઉસ્માન આગલોડિયાની તરફેણમાં ચુકાદો આવતા તેઓ ફરીથી પોતાનો કારોબાર શરૂ કરી શકશે.

ઉલ્લખનીય છે કે, કાયદાનો ખોટા અર્થઘટન કરીને કેટલાક તત્વો અરજદાર સેફુદ્દીન ઉસ્માન આગલાડિયાને માછલીઓ પકડવાની રોકી રહ્યા હતા. પરંતુ નામદાર અદાલતના આ હુકમથી તેઓ સાચા લાયસન્સદાર હોવાથી પોતાનો કારોબાર કડાણા ડેમમાં ચાલુ રાખી શકશે. એમ કડાણાના કોન્ટ્રાકટર સૈફુદ્દીન ઉસ્માન આગલોડિયાએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે, આ કામ કરીને અમે વિસ્તારના આદિવાસી પરિવારોને રોજી આપવા ઈચ્છીએ છીએ. ગુજરાત સરકારની યોજના પણ આદિવાસી વિસ્તારના નાગરિકોને તેમના ઘર આંગણે જ રોજી પુરી પાડવાની હોવાથી અમે આ કામગીરી હાથ ખરી છે.

# લુણાવાડા તાલુકાનો સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ ૨૭ મી એપ્રિલે યોજાશે

લુણાવાડા,
લુણાવાડા તાલુકા કક્ષાના પ્રશ્નો માટે લોકોએ તેમની ફરીયાદ માટે ઉચ્ચ કક્ષાએ ગાંધીનગર સુધી જવું ના પડે તે માટે દર માસના ચોથા બુધવારે તાલુકા કક્ષાએ તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ દિવસનું આયોજન કરવામાં આવે છે. નાગરીકોના પ્રશ્નો અસરકારક અને ન્યાયીક રીતે હલ થાય તે માટે મામલતદાર લુણાવાડાના અદયક્ષ સ્થાને એપ્રિલ માસના ચોથા બુધવારે તા.૨૭/૦૪/૨૦૨૨ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે મામલતદાર કચેરી, લુણાવાડા ખાતે તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં રજુ કરવાના તાલુકા કક્ષાના પ્રશ્નો - ફરીયાદો તા.૧૫/૦૪/૨૦૨૨ સુધીમાં મામલતદાર કચેરી, લુણાવાડા ખાતે રજુ કરવાના રહેશે. તેમ લુણાવાડા મામલતદાર આઈ.એચ.પટેલની અખબારયાદીમાં જણાવાયું છે.

# વર્લ્ડ બેંકના 'ગ્લોબલ એજ્યુકેશન ડાયરેક્ટર' યુત હાયમે સાવેદ્રાની આગેવાનીમાં વર્લ્ડ બેંકનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ ગુજરાતની મુલાકાતે



સંતરામપુર,
રાજયમાં શિક્ષણ ક્ષેત્રે ૧૦ હજાર કરોડના ખર્ચે મિશન સ્કૂલ ઓફ એક્સલન્સના પ્રોજેક્ટ દ્વારા થઇ રહેલા પરિવર્તન અને ગાંધીનગર સ્થિત કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર મારફતે થઈ રહેલા ડેટા આધારિત ઈનીશિયેટીવથી પ્રભાવિત.

કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરનો તેમજ ગુજરાતના શાળા શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલા આમૂલ પરિવર્તન તથા શૈક્ષણિક સુધારાઓના ગુજરાત મોડેલનો અભ્યાસ કરી તેને ગ્લોબલ બેસ્ટ પ્રેક્ટીસ જાહેર કરવા આ પ્રતિનિધિ મંડળ રાજ્યની મુલાકાતે આવ્યું.

આજે વર્લ્ડ બેન્કનું ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળ ખાસ વોશિંગ્ટનથી વર્લ્ડ બેન્કના ગ્લોબલ એજ્યુકેશન ડાયરેક્ટર હાઈમે સાવેદરાની આગેવાનીમા ગુજરાતના શાળા શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલા આમૂલ પરિવર્તનનો અભ્યાસ કરવા માટે રાજ્યની મુલાકાતે આવ્યા છે.

હાઈમે સાવેદરા દક્ષિણ અમેરિકન દેશ પેરૂના શિક્ષણ મંત્રી રહી ચૂક્યા છે અને હાલમાં વર્લ્ડ બેન્કના ગ્લોબલ એજ્યુકેશન ડાઈરેક્ટર છે. તેઓ ગુજરાતનાં શાળા શિક્ષણ ક્ષેત્રે રૂ.૧૦,૦૦૦ કરોડના ખર્ચે મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ દ્વારા થઈ રહેલા આમૂલ પરિવર્તન અને કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર મારફતે થઈ રહેલા ડેટા આધારિત ઈનીશીએટિવ્સથી પ્રભાવિત થઈને કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરનો અને શૈક્ષણિક સુધારાઓનાં ગુજરાત મોડેલનો જાતે અભ્યાસ કરી તેને ગ્લોબલ બેસ્ટ પ્રેક્ટિસ જાહેર કરવા માટે આજે રાજ્યની મુલાકાતે આવ્યા છે.

શિક્ષણ ક્ષેત્રે નવા નવા શૈક્ષણિક સુધારાઓ અમલમાં મૂકી રાજ્યના શૈક્ષણિક સ્તરને સુધારવા માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે. સ્કૂલિંગ સુનિશ્ચિત કર્યા બાદ દરેક બાળકનું લર્નિંગ પણ સુનિશ્ચિત કરવાના ધ્યેયથી શ્રેણીબધ્ધ શૈક્ષણિક ગુણવત્તા સુધારણાના પગલાઓ રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવી રહ્યા છે. શાળાઓને સ્પર્ધાત્મક તથા માળખાકીય રીતે શ્રેષ્ઠ બનાવવામાં આવે અને બાળકોને શૈક્ષણિક સગવડો, ભૌતિક સુવિધાઓ, સ્માર્ટ ક્લાસરૂમ્સ, સ્ટેમ લેબ, સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ સહિતનું આકર્ષક શાળા સંકૂલ મળી રહે તો શૈક્ષણિક ગુણવત્તામાં મહત્તમ સુધારા થઈ શકે છે. ઉત્તમ અને ગુણવત્તાયુકત શિક્ષણ દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી રાજ્યમાં આવનારા પાંચ વર્ષમાં આશરે રૂ.૧૦,૦૦૦ કરોડના ખર્ચે મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

સ્કુલ્સ ઓફ એક્સલન્સ પ્રોજેક્ટથી આવનારા પાંચ વર્ષોમાં તમામ ૩૫,૧૩૩ સરકારી શાળાઓ અને ૫,૮૪૭ ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓ મળી કુલ આશરે ૪૧,૦૦૦ સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓને મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ હેઠળ લાભાન્વિત કરવામાં આવશે. આ શાળાઓ પૈકી ૨૦,૦૦૦ શાળાઓને ઉત્કૃષ્ટ બનાવવા વિશ્વ કક્ષાની માળખાકીય સુવિધાઓ અને શૈક્ષણિક સવલતો પુરી પાડવામાં આવશે. આ શાળાઓમાં આવતા પાંચ વર્ષોમાં કુલ ૫૦,૦૦૦ નવા વર્ગખંડોનું નિર્માણ, ૧,૫૦,૦૦૦ વર્ગખંડોમાં સ્માર્ટ ક્લાસની સુવિધા, ૨૦,૦૦૦ નવી કમ્પ્યુટર લેબ, ૫,૦૦૦ સ્ટેમ લેબ / ટીંકરીંગ લેબ વિગેરે પુરૂ પાડવાનું લક્ષ્ય છે. જેના થકી આવતા પાંચ વર્ષમાં આશરે રાજ્યના ૧ કરોડ વિદ્યાર્થીઓને સીધો ફાયદો થશે. રાજ્યના આ અત્યંત મહત્વકાંક્ષી પ્રોજેક્ટને આંતરરાષ્ટ્રીય નાણા સંસ્થાઓ વર્લ્ડ બેંક અને એશિયન ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ બેંક (AIIB) દ્વારા ૧ (એક) બિલિયન યુ.એસ. ડોલર એટલે કે લગભગ રૂ.૭,૫૦૦ કરોડનું ધીરાણ મંજૂર કરવામાં આવ્યું છે.

વર્લ્ડ બેંક દ્વારા શિક્ષણ ક્ષેત્રે સમગ્ર દેશમાં અત્યાર સુધીનું સૌથી મોટું ફંડિંગ મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ માટે કરવામાં આવ્યું છે. તેમજ એશિયન ઈન્સ્ફાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ બેંક (AIIB) સમગ્ર વિશ્વમાં શિક્ષણ ક્ષેત્રે પ્રથમવાર આ પ્રકારનો પ્રોજેક્ટ ગુજરાતના શિક્ષણ વિભાગ સાથે કરી રહી છે.

સમગ્ર દેશમાં શાળાકીય શિક્ષણને ગુણવત્તાયુક્ત બનાવવા માટેનો આ પ્રકારનો આ પહેલો પ્રોજેક્ટ છે. આગામી ૫ થી ૬ વર્ષના સમયમાં આ પ્રોજેક્ટના કારણે અંદાજે રાજ્યના એક કરોડથી વધુ વિદ્યાર્થીઓને સીધો લાભ મળશે અને આવનારી પેઢી માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા માટે મદદરૂપ બનશે.

આ પ્રસંગે શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણી, શિક્ષણ રાજ્ય મંત્રી કુબેરભાઈ ડિંડોર, વર્લ્ડ બેંકના ભારત સ્થિત પ્રતિનિધિ શબનમ સિન્હા, શિક્ષણ વિભાગના સચિવ ડો. વિનોદ રાવ, સમગ્ર શિક્ષા અભિયાનના સ્ટેટ પ્રોજેક્ટ નિયામક રતનકુંવર ગઢવીચારણ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મોદી અને શાહ વચ્ચે બધું બરાબર નથી ચાલી રહ્યુ

# ૨૫૨ જેટલા સાંસદોનું સમર્થન છે અને તેમની પાસે મોદી સરકારને પાડી દેવાની પણ ક્ષમતા છે



નવીદિલ્હી,
કોંગ્રેસમાં નેતૃત્વના કમઠાણ વચ્ચે હવે ભાજપના ટોચના નેતૃત્વમાં ગંભીર મતભેદો પ્રવર્તી રહ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ખુદ મોદી સરકારના જ સિનિયર કેબિનેટ પ્રધાને નાગપુર સ્થિત એક અખબાર સાથે કરેલી અનૌપચારિક વાતચીત દરમ્યાન આ દાવો કર્યો છે. એક અખબાર સાથેની વાતચીત દરમ્યાન આ કેબિનેટ પ્રધાને અનૌપચારિક રીતે જણાવ્યું કે પીએમ મોદી અને ગૃહપ્રધાન અમિત શાહ વચ્ચે બધું બરાબર ચાલી રહ્યું નથી.

સિનિયર કેબિનેટ પ્રધાનના જણાવ્યા અનુસાર તાજેતરમાં મળેલી કેબિનેટ બેઠકમાં વિવિધ યોજનાઓની ચર્ચા દરમ્યાન તેમણે આ મુદ્દો ઉઠાવ્યો હતો પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની વાત અધવચ્ચેથી જ કાપી નાંખી હોવાનું આ કેબિનેટ પ્રધાને જણાવ્યું છે. તેમણે કહ્યું કે પીએમ મોદીએ મારી વાત કાપી નાંખતા હું ગુસ્સે થઈ ગયો અને મેં ધમકી આપી કે જો હિંમત હોય તો સરકાર મને કેબિનેટમાંથી બહાર કાઢી મુકે.

આ કેબિનેટ પ્રધાને દાવો કર્યો છે કે તેમને ૨૫૨ જેટલા સાંસદોનું સમર્થન છે અને તેમની પાસે મોદી સરકારને પાડી દેવાની પણ ક્ષમતા છે. પરંતુ તે પક્ષની વિચારધારાને સમર્પિત હોવાથી આવું કોઈ પગલું ભરી રહ્યા નથી.ઉત્તર પ્રદેશમાં યોગી સરકારની નવી કેબિનેટની રચનામાં પીએમ મોદી અને અમિત શાહની છાપ સ્પષ્ટપણે જોઈ શકાય છે પરંતુ હવે મોદી સરકારના સિનિયર કેબિનેટ પ્રધાને યોગી કેબિનેટની રચનાને લઈને ચોંકાવનારો દાવો કર્યો છે.

નાગપુર સ્થિત એક અખબાર સાથેની અનૌપચારિક વાતચીત દરમ્યાન કેબિનેટ પ્રધાને દાવો કર્યો છે કે વડાપ્રધાન મોદીએ સંરક્ષણપ્રધાન રાજનાથ સિંહના પુત્ર પંકજ સિંહને કેબિનેટમાં પ્રધાન બનતા અટકાવ્યા હતા. કેબિનેટ પ્રધાનના જણાવ્યા મુજબ મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ પંકજ સિંહને કેબિનેટમાં સામેલ કરવા માંગતા હતા પરંતુ વડાપ્રધાન મોદીએ પંકજ સિંહના નામ પર મહોર ન મારી. આ અહેવાલો પરથી એવું ચર્ચાઇ રહ્યું છે કે મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ પણ પીએમ મોદીની મરજી અને સમય પારખીને મૌન રહ્યા અને તેમણે પંકજ સિંહનો કેબિનેટમાં સમાવેશ ન કર્યો.

વડાપ્રધાન મોદી સાથે વૈચારિક મતભેદો ધરાવતા આ સિનિયર કેબિનેટ પ્રધાને આક્ષેપ કર્યો છે કે પીએમ મોદી ઈક્રમ ટેક્સ, ઈડી અને સીબીઆઈ જેવી તપાસ સંસ્થાઓનો વિરોધીઓ સામે ઉપયોગ કરી રહ્યા છે. કેબિનેટ પ્રધાને કહ્યું કે મેં પીએમ મોદીની આ નીતિનો વિરોધ કર્યો હતો ત્યારે પીએમ મોદીએ જવાબ આપ્યો કે હું આ પ્રકારની નીતિને કારણે જ મુખ્યપ્રધાનના પદ પરથી વડાપ્રધાનના પદ સુધી પહોંચ્યો છું.

# ખેડામાં બોર્ડની ચાલુ પરીક્ષામાં ધો-૧૦ના વિદ્યાર્થીનું મોત



નડિયાદ,
ખેડામાં વધુ એક બોર્ડના વિદ્યાર્થીનું મોત થયું છે. આ વખતે વિદ્યાર્થી પરીક્ષા આપી રહ્યો હતો તે દરમિયાન ખેંચ આવતા તેને તાત્કાલિક સારવાર આપવાનું શરુ કરવામાં આવ્યું હતું. જોકે, વિદ્યાર્થીનો જીવ બચાવી શકાયો નહોતો. આ ચોથી ઘટના છે કે જેમાં બોર્ડના વિદ્યાર્થીનું મોત થઈ ગયું છે. આ સિવાય સોમવારે અમદાવાદમાં બનેલી એક ઘટનામાં સરખેજમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની બેભાન થઈ ગઈ હતી. જે બાદ વિદ્યાર્થિનીની સારવાર કરતા તેની તબિયત સારી થઈ ગઈ હતી. ધોરણ-૧૦ના દિવ્યાંગ વિદ્યાર્થીને ખેંચ આવતા તાત્કાલિક ૧૦૮ અને ડૉક્ટરની ટીમ હાજર થઈ ગઈ હતી. જોકે, વિદ્યાર્થીનું ૧૦ જ મિનિટમાં મોત થઈ જતા અરેરાટી વ્યાપી ગઈ હતી. વ્હીલચેર પર બેસીને પરીક્ષા આપતો હતો અને ખેંચ આવ્યાના ૧૦ મિનિટની અંદર વિદ્યાર્થીનું મોત થઈ ગયુંહતું. સોમવારે બનેલી ઘટનામાં ખેડાના લિંબાસી કેન્દ્રમાં ધોરણ-૧૦ની પરીક્ષા આપી રહેલા સ્નેહલ કાનલ ભોઈને સવારે ૧૦-૩૫ વાગ્યે ખેંચ આવી હતી, ખેંચ આવ્યા બાદ વિદ્યાર્થીની સારવાર માટે તાત્કાલિક નજીકમાંથી ડૉક્ટરને બોલાવવામાં આવ્યા હતા. આ સાથે ૧૦૮ની ટીમને પણ બોલાવવામાં આવી હતી. આમ તાત્કાલિક સારવાર મળવા છતાં ૧૦-૪૫ વાગ્યે વિદ્યાર્થીએ અંતિમ શ્વાસ લીધા હતા. વિદ્યાર્થિની ધબકારા ચાલુ થાય તે માટે ડૉક્ટર દ્વારા તેનું પમ્પિંગ પણ કરવામાં આવ્યું હતું જોકે, તેના શ્વાસ પરત લાવી શકાયા નહોતા.

નડિયાદ ઝોનલ અધિકારી રાજેશ સુમેરાએ જણાવ્યું કે, ઘટના દરમિયાન વિદ્યાર્થીના વાલી પણ પરીક્ષા કેન્દ્ર પર હાજર હતા. દીકરો વ્હીલચેર પર બેસીને પરીક્ષા આપતો હતો અને તેને શરતી-કફની તકલીફ રહેતી હોવાથી વાલી પરીક્ષામાં હાજર રહ્યા હતા. આ અગાઉ ૨૮ માર્ચે ગોમતીપુરમાં ધોરણ-૧૨ની પરીક્ષા દરમિયાન હાર્ટ એટેક આવતા વિદ્યાર્થીનું મોત થયું હતું. જ્યારે પોરબંદરના બગવદર અને ભારવાડા ગામમાં બે બાઈક વચ્ચે અકસ્માત થતા ધોરણ-૧૨ના વિદ્યાર્થીનું મોત થયું હતું. ત્રીજી ઘટના નવસારીમાં બની હતી કે જેમાં ધોરણ-૧૨ના આંકડાશાસ્ત્રના પેપરની તૈયારી કરતા વિદ્યાર્થીને પરીક્ષા આપવા જતી વખતે હાર્ટ એટેક આવતા મોત થઈ ગયું હતું. સરખેજમાં સોમવારે ધોરણ-૧૦ની વિદ્યાર્થિની બેભાન થવાની ઘટના બની હતી. આ વિદ્યાર્થિની ૧૦ મિનિટ જેટલું બેભાન રહ્યા બાદ ભાનમાં આવી હતી. પરીક્ષા શરુ થયાના થોડા સમય પછી વિદ્યાર્થિનીની તબિયત ખરાબ થઈ હતી, જે બાદ તેને તાત્કાલિક સારવાર અપાવવા માટે ૧૦૮ની ટીમને જાણ કરાઈ હતી. વિદ્યાર્થિની ભાનમાં આવ્યા પછી તેણે પરીક્ષા આપવાની ઈચ્છા વ્યક્ત કરતા તેને વર્ગમાં બેસવા માટે જવા દેવામાં આવી હતી.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપનારો છે અને પિતાના આશીર્વાદ-ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઈચ્છા આજે પૂર્ણ થશે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામ આપવાનો છે. તમે સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો અને જે કામ ઘણા દિવસોથી અટકેલું છે તે આજે પૂર્ણ થશે. પાચનશક્તિ ધીમી થઈ શકે છે અને આંખોમાં મુશ્કેલી આવી શકે છે.

મિથુન : તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે. કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કેટલાક ફેરફાર થઈ શકે છે, જેના કારણે કેટલાક સાથીઓ તમારી સાથે નારાજ થઈ શકે છે.

કર્ક : આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો. બપોર સુધીમાં ખુશખબર પણ મળશે.

સિંહ : આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે. સંસારિક આનંદ માણવાના માધ્યમોમાં વધારો થશે. ઓફિસમાં સાથીઓ સાથે થોડો વિવાદ થઈ શકે છે.

કન્યા : આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે. વ્યાવસાયિક યોજનાઓમાં વેગ મળશે. રાજ્યનું સન્માન અને પ્રતિષ્ઠા વધશે.

તુલા : આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિદ્ધિઓ મળશે. આવકના નવા સ્રોત સર્જાશે. અન્ય લોકો સાથે વાત કરવાની તમારી રીત અને તમારી પ્રામાણિકતા તમને વિશેષ માન આપશે.

વૃશ્ચિક : આજે તમે જે કાર્યો તમે વિચાર્યા હતા તે પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે. વ્યવસાયમાં પરિવર્તનની યોજના છે. તમને સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળશે અને તમારા બાળકો તમારી સાથે ખુશ રહેશે.

ધનુ : આજે તમે તમારા હરીફો માટે માથાનો દુઃખાવો સમાન રહેશો. દાંપત્ય જીવનમાં ખુશાલીની સ્થિતિ રહેશે. તમારા જીવનસાથીની યોગ્ય સલાહ મેળવીને તમે આજે મહત્વપૂર્ણ નિર્ણય લઈ શકો છો. આનાથી તમને ભવિષ્યમાં ફાયદો થશે.

મકર : આજે અચાનક શરીરના દુઃખાવાને લીધે વધુ ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે. કોઈ મિલકત ખરીદતી વેચતી વખતે તેના તમામ કાયદાકીય પાસાઓને ગંભીરતાથી ધ્યાનમાં લો. પાછળથી દગો થઈ શકે છે. સાંજે માતાની તબિયતમાં સુધારો થશે.

કુંભ : આજનો દિવસ ખાસ રહેશે અને તમારા વિવાહિત જીવનમાં ખુશીઓ વધશે. આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો. ધંધામાં વધતી પ્રગતિથી ખુબ ખુશી થશે.

મીન : આજનો દિવસ તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે. અટકેલા કામો પૂરા થશે અને ખ્યાતિ વધશે. પ્રિયજનો સાથે મુલાકાત થશે અને મન પ્રસન્ન રહેશે.

# સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર એડવાન્સમાં આપવાના બહાને ૧૦૦ છાત્રો સાથે ઠગાઈ, ૩ થી ૭ લાખ રૂપિયાનું ઉઘરાણું થયું




અમદાવાદ,
દહેગામ પાસે આવેલી ટ્રેનીંગ એકેડેમીમા ક્રાઇમ બ્રાંચે બાતમી આધારે રેડ કરી ૩ આરોપીઓની ધરપકડ કરી. આરોપીઓ કોમ્પિટટીવ પરિક્ષામાં પાસ કરાવી આપવાના બહાને કરોડો રૂપિયાની ઠગાઈ આચરી ચુક્યાનો આરોપ છે. હાલ ક્રાઇમ બ્રાન્ચે ૩ આરોપીઓની કરી પોલીસ યુનિફોર્મ, લેપટોપ, ફરજી કોલ લેટરો અને રોકડ રકમ કબ્જે કરી છે.

પોલીસ કસ્ટડીમાં રહેલા આ ત્રણે આરોપીઓ પર સરકારી ભરતીમાં રૂપિયા લઇ પાસ કરાવી આપવાનું આરોપ લાગ્યો છે. જેમાંથી એક આરોપી તો દહેગામમાં ટ્રેનિંગ સેન્ટરના ઓઠા હેઠળ છેતરપિંડીનું કૌભાંડ ચલાવતો હતો. પકડાયેલ આરોપીઓનાં નામ છે હરીશ પ્રજાપતિ, રવિપ્રતાપસિંગ રાવત અને પૂજા ઠાકોર. આ ત્રણેય શખ્સો એકેડમીમાં બેઠા બેઠા જ રાજસ્થાન, ગુજરાત, અને ઉત્તરપ્રદેશના નોકરી વાંચ્છુક ઉમેદવારોને ગુજરાત રાજયમા સરકારી ભરતીઓમાં નોકરી અપાવવાની લાલચ આપી તેઓની પાસેથી નોકરીના નામે મોટી માતબર રકમ મેળવી રૂપિયા પડાવી લેવાનું કૌભાંડ ચલાવતા હતા. જોકે આ અંગે ચોક્કસ બાતમી હકીકત મળતા દહેગામ તરફ જવાના રોડ પાસેથી હરીશ પ્રજાપતિને ઝડપી લીધો હતો. આરોપી રવિપ્રતાપસિંગ રાવત વર્ષ ૨૦૨૦થી સ્વામી વિવેકાનંદ તાલીમ કેન્દ્ર ખોલી તેમાં સંચાલક હરીશ પ્રજાપતિ તથા પુરવીરસિંગ ઉર્ફે કરનલ સાથે મળી રૂપિયા કમાવવા માટેનું આયોજન કર્યું ચુક્યો હતો.

તે આયોજન મુજબ ગુજરાત રાજ્યમાં સરકારી નોકરી મેળવવા માંગતા હોય તેવા ઉમેદવારો શોધી કાઢી તેઓને ગુજરાત રાજયમાં સરકારી નોકરી અપાવવાની લાલચ આપી તેઓની પાસેથી જરૂરી આધાર પુરાવા અને પૈસા પડાવતો.ક્રાઇમ બ્રાન્ચની ટીમે એકેડમી ખાતે તપાસ કરતા હરીશ પ્રજાપતિની ઓફિસના ટેબલના ખાનામાંથી પેનડ્રાઈવ અને લેપટોપ મળી આવ્યું. જેમાં LRD અને છસ્ઝ માટે નોકરી મેળવવા ઈચ્છતા રાજસ્થાનના ઉમેદવારોના અરજી ફોર્મ, એડમીટ કાર્ડ, ફીની પહોંચ, ફોટા તથા સહીના નમુનાની નકલો, પ્રમાણપત્રો તથા જરૂરી કાગળોના ખાખી કવર મળી આવેલા. એટલું જ નહિ હરીશ પ્રજાપતિ ગુજરાત રાજ્યમાં હાલમાં ચાલી અલગ અલગ સરકારી નોકરીની ભરતીઓમાં ઓનલાઈન ફોર્મ ભરી તે ફોર્મમાં ઉમેદવારો રાજસ્થાન રાજ્યના વતની હોવા છતાં ગાંધીનગર જીલ્લાના અલગ અલગ સરનામા ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવતા અને નોકરી વાંછુકો પાસેથી પીએસઆઈના ઉમેદવાર ૧૦ લાખ, એલઆરડી પુરૂષ ઉમેદવાર દીઠ ૫ લાખ, એલઆરડી મહિલા ઉમેદવાર દીઠ ૪ લાખ, તલાટી કમ મંત્રી વર્ગ -૩ ભરતીના ઉમેદવાર દીઠ ૫ લાખ, સીનિયર ક્લાર્ક વહિવટ હિસાબ વર્ગ-૩ ભરતીના ઉમેદવાર દીઠ ૨.૫૦ લાખ ઈન્ડીયન આર્મી રિક્રુટમેન્ટ ભરતીના ઉમેદવાર દીઠ ૩.૫૦ લાખ રૂપિયા પડાવતા. જ્યારે એએમસીમાં નોકરી અપાવવાના બહાને ૧.૫૦ રૂપિયા મેળવતા.

પોલીસે આ કેસમાં મહેનતુ ઉમેદવારોને અન્યાય ના થાય તે માટે ખાતરી આપતા કહ્યું પૈસા આપી ભરતી સરકાર કરતી નથી. હાલ આ કેસમાં ફરાર આરોપી શાહરૂખ જે ઉત્તરપ્રદેશનો રહેવાસી છે તેને ૧ પીએસઆઈ ઉમેદવાર તથા લોકરક્ષકના ૩ ઉમેદવારો પેટે કુલ્લે રૂપિયા ૨૫ લાખ લીધા હોવાનું સામે આવતા તેની ધરપકડ કરવાની દિશામાં કામગિરી હાથ ધરી છે. પોલીસે પ્રાથમિક તપાસ કરતા હકીકત એપણ સામે આવી હતી કે રવિપ્રતાપસિંગ અને પુરવીન્દરસિંગને ફીજીકલ પરીક્ષામાં ૩ ઉમેદવાર નાપાસ થયેલ છતાં પાસ કરેલાનો સિક્કો મારેલ તેમજ ૧૧ ઉમેદવારોના અરજી ફોર્મ મુદત વીતી ગયા બાદ ભરેલ, તેવા ઉમેદવારોના બનાવટી ફીલ એડમીડ કાર્ડ બનાવડાવી તે તમામ ઉમેદવારોના ફીજીકલ એડમીટ કાર્ડમાં પોતે બનાવડાવેલ પીએસટી પાસ પીઈટી આઈએએસએસ એલઆરડી પાસના રબર સ્ટેમ્પ મારી તે ફીજીકલ એડમીટ કાર્ડ કબ્જે કર્યા છે. જોકે આ કેસમાં સંડોવાયેલ મહિલા આરોપી પુજા ઠાકોરે હરીશ પ્રજાપતિએ પોતાને એડમીટ કાર્ડમાં ફીજીકલ પરીક્ષામાં પાસ થયેલ હોવા અંગેનો પોતાની પાસેનો સિક્કો મારી આપેલ હોવાની કબૂલાત કરી આપી હતી.

અત્યાર સુધી ગુજરાત સરકારની અલગ અલગ ભરતીઓના કુલ ૮૧ ફોર્મ ભરી જેમાં રાજસ્થાન ૬૦, ઉત્તરપ્રદેશ ૪ તથા ગુજરાત રાજયના -૧૭ ફોર્મ ભર્યાની કબૂલાત કરેલી. જે સંદર્ભે આ ૮૧ જેટલા ઉમેદવારો પાસેથી રૂપિયા ૩ કરોડ ૨૪ લાખ ૯૦ હાજર જેટલી રકમ મેળવી લઈ વિશ્વાસઘાત છેતરપીંડી કરી છે. મહત્વનું છે કે, આરોપી હરીશ પ્રજાપતિ ગુનાહિત ઈતિહાસ ધરાવતો મુખ્ય આરોપી છે. જેને મહેસાણા પોલીસમાં આર્મીમાં નોકરી અપાવવાની લાલચ આપી રૂપિયા પડાવી લેવાના કેસમાં અગાઉ પકડાયેલો છે. ત્યારે વધુ પૂછપરછ દરમ્યાન શુ નવા ખુલાસા થાય છે તે જોવું રહ્યું.

# ગ્રેમીમાં ગુજરાતનો ડંકો : દાહોદની પુત્રવધુ અને હાલ ન્યૂયોર્ક ખાતે રહેતી ફાલ્ગુની શાહને ગ્રેમી અવોર્ડ



દાહોદ,
અમેરિકાના લાસ વેગાસમાં ૬૪મા ગ્રેમી અવોર્ડનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રેમી અવોર્ડ સંગીતનો ઓસ્કર અવોર્ડ તરીકે લોકપ્રિય છે. ત્યારે ભારતીય ફાલ્ગુની શાહ આ વખતે ગ્રેમી અવોર્ડ્સ જીતી છે. અવોર્ડ શો દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીનો વીડિયો મેસેજ બતાવવામાં આવ્યો હતો. દાહોદના શાહ અને પેટ્રોલવાળા પરિવારના ડો.ગૌરવ શાહની પત્ની ફાલ્ગુની શાહની પસંદગી વિશ્વવિખ્યાત ગ્રેમી અવોર્ડ માટે થતા દાહોદમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રવર્તી રહી છે.

મૂળ દાહોદના વૈષ્ણવ પરિવારના પણ વર્ષોથી ન્યૂયોર્ક ખાતે સ્થાયી થયેલા દાહોદના દિલીપભાઈ રસિકલાલ શાહ અને તેમનાં પત્ની લીનાબેન (દેસાઈ પેટ્રોલવાળા)ના ૪૧ વર્ષીય પુત્રવધૂ ફાલ્ગુની દલાલ-શાહ જાણીતાં ગાયિકા છે. ફાલ્ગુની દલાલના નામે તેમના 'સ્મરણાંજલિ' સહિત અનેક સી.ડી.ના સંપુટ પ્રકાશિત થયા છે. કેન્સર નિષ્ણાત અને પોતે પણ ગાયક એવા પતિ ડો. ગૌરવ ડી. શાહ સાથે લગ્ન થયા બાદ ફાલ્ગુની દલાલ- શાહે અમેરિકા ખાતે સઘન ટ્રેનિંગ લઈ સંગીતની ધૂણી ધખાવી હતા.

અમેરિકાના વ્હાઈટ હાઉસમાં વર્ષ ૨૦૦૯માં તત્કાલીન વડાપ્રધાન મનમોહન સિંહના સન્માનમાં ઓબામા સરકાર વતી મિશેલ ઓબામા દ્વારા આયોજિત એક સમારંભમાં સુખ્યાત ભારતીય સંગીતકાર એ.આર.રહેમાનના સંગીત નિર્દેશનમાં ગાવા માટે ફાલ્ગુની શાહને પણ વિશેષ સ્થાન પ્રાપ્ત થયું હતું, એમાં તેણે પોતાની સૂરીલી પ્રસ્તુતિ દ્વારા સહુના મન મોહી લીધા હતા. ફાલ્ગુની શાહે અગાઉ ઓબામા સરકાર વેળા અમેરિકન સંસદમાં દક્ષિણ એશિયામાંથી પસંદ થનારી એકમાત્ર વ્યકિત તરીકે 'જનગણમણ' પ્રસ્તુત કર્યું હતું.

૨૦૧૯મા પ્રકાશિત થયેલા ફાલ્ગુની શાહના આલ્બમ ''ફાલુ'ઝ બાઝાર'' માટે તેમનું નામ દક્ષિણ એશિયામાંથી એકમાત્ર વ્યક્તિ તરીકે ૬૧મા ગ્રેમી અવોર્ડ કાજે નોમિનેટ થયું હતું અને રેડકાર્પેટ સન્માન પણ પ્રાપ્ત થયું હતું. જોકે એ વખતે તેઓ ગ્રેમી એવોર્ડથી વંચિત રહી ગયાં હતાં. મૂળ મુંબઈના અને દાહોદનાં પુત્રવધૂ એવાં શાસ્ત્રીય સંગીતના ક્ષેત્રના ગાયિકા ફાલુ શાહનું નામ આ વખતે ફરી એકવાર ૨૦૨૧માં આવેલા ''અ કલરફુલ વર્લ્ડ'' આલ્બમ માટે નોમિનેટ થયું હતું. અમેરિકાના લાસવેગાસ ખાતે તા.૩ એપ્રિલ, ૨૦૨૨ના રોજ યોજાયેલા ૬૪ મા ગ્રેમી અવોર્ડના કાર્યક્રમમાં પણ નોમિનેશન પ્રાપ્ત થયા બાદ બાળગીતો અર્થાત 'બેસ્ટ ચિલ્ડ્રન સોંગ' વિભાગ માટે તેમને સર્વાનુમતે ગ્રેમી અવોર્ડ એનાયત કરાયો હતો. ફાલ્ગુની ગૌરવ શાહને ગ્રેમી અવોર્ડ એનાયત થતાં અમેરિકામાં રહેતા દાહોદવાસીઓમાં પણ ગૌરવની લાગણી છે. ઉલ્લેખનીય છે કે ફાલુ શાહે આ અગાઉ મુંબઈના રેડલાઈટ વિસ્તાર પર આધારિત ફોરસ રોડ આલ્બમ કર્યું હતું, જે પણ ૨૦૧૩ માં ગ્રેમી અવોર્ડ માટે શોર્ટલિસ્ટ કરવામાં આવ્યું હતું, પરંતુ એ મુખ્ય નોમિનેશનમાં આવી શક્યું ન હોતું. તો હિન્દી, અંગ્રેજી અને ગુજરાતી ત્રણેય ભાષામાં આવેલાં ૧૨ ગીતોના આલ્બમ ''ફાલુ'ઝ બજાર'' કે જે તેમના નાનકડા પુત્ર નિઝાદના બાળસહજ પ્રશ્નોમાંથી જન્મ્યું હતું એ પણ બહોળી પ્રસિદ્ધિ પામ્યું હતું. એમાં ભાષા, ખાણીપીણીથી લઈને બાળકો દ્વારા પુછાતા જે-તે પ્રશ્નોના પોતાની રીતે સંગીતમય જવાબ સાથે રેઈનબોના સાત રંગોથી લઇ ભોજનમાં વપરાતાં મરચાં, હળદર જેવા મસાલા વિશે મળીને કુલ ૧૨ ગીત ધરાવતા આ આલ્બમમાં બાળસહજ અનેક જિજ્ઞાસાઓ સંતોષાઈ હતી.

# દાહોદ નગર ખાતે RSS દ્વારા પથ સંચાલન અને વર્ષ પ્રતિપદાની ઉજવણી કરાઈ

દાહોદ,
દાહોદ નગર ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા પથસંચલન અને વર્ષ પ્રતિપદા ઉત્સવની ઉજવણી સરદાર પટેલ સ્ટેડીયમ-સીટી ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવી હતી. પથસંચલન અને જાહેર કાર્યક્રમ-ઉત્સવમાં મોટી સંખ્યામાં દાહોદ નગરનાં સ્વયંસેવકો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં.

ચૈત્ર સુદ ૧ એટલે ભારતીય સંસ્કૃતિ પ્રમાણેનું નવ વર્ષ પ્રારંભનો દિન એ પ્રમાણે રા.સ્વ.સંઘનાં વર્ષ ભરનાં ઉજવાતા છ ઉત્સવો પૈકીનો પ્રથમ ઉત્સવ વર્ષ પ્રારંભનો વર્ષ પ્રતિપદા ઉત્સવ છે. પૌરાણિક કથા મુજબ આ દિને પરમપિતા બ્રહ્મા દ્વારા સૃષ્ટીની સ્થાપના કરાઈ હતી ઉપરાંત પ્રકૃતિ પણ આ દિવસથી પોતાના નવા રૂપમાં આવે છે તે પ્રકારે ભારતીય સંસ્કૃતિ ચૈત્ર સુદ એકમને નવ વર્ષ પ્રારંભ માને છે તથા યોગાનુયોગ આ તિથી એ રાષ્ટ્રીય સ્વયંસેવવક સંઘની સ્થાપના કરનાર આદ્ય સરસંઘચાલક ડો.કેશવ બલિરામ હેડગેવારનો પણ જન્મદિન છે. આ નિમિત્તે દાહોદ નગરમાં સાંજે ૪:૪૫ વાગ્યેથી પથસંચલન સીટી ગ્રાઉન્ડથી શરૂ કરીને સરસ્વતિ સર્કલ-બિરસામુંડા સર્કલ-દેસાઈવાડા-એમ.જી.રોડ-નગરપાલિકા-માણેકચોક-સીટીગ્રાઉન્ડ પર પૂર્ણ થયું હતું. જેમાં દાહોદ નગરનાં ૧૯૪ જેટલાં પૂર્ણ ગણવેશ ધારી સ્વયંસેવકો જોડાયા હતાં. ઘોષ વાદ્યો સાથે નીકળેલ આ પથ સંચલનમાં ભગવા ધ્વજનું નગરજનો દ્વારા ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યુ હતું. પથ સંચલન બાદ જાહેર કાર્યક્રમ-ઉત્સવમાં અતિથી તરીકે ઠક્કર ફળિયા ખાતે આવેલ ગુરૂદ્વારાનાં મુખ્ય સેવાદાર સરદાર સ્વર્ણસિંહ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે કાર્યક્રમની શરૂઆતમાં સંઘ સંસ્થાપકનાં ચિત્ર સમક્ષ માલ્યર્પણ કરી અને સૌની સમક્ષ સંઘના અનુશાસન, સંસ્કૃતિ જાળવણી અને સંગઠિત કરવાની વાતને આવકારી હતી. કાર્યક્રમનાં મુખ્ય વક્તા તરીકે રા.સ્વ.સંઘનાં ગુજરાત પ્રાંતના બૌદ્ધિક પ્રમુખ કૈલાશભાઈ ત્રિવેદીએ સ્વંયસેવકો અને નગરજનો સમક્ષ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં કહ્યું કે, નવી પેઢીએ ભારતમાં પ્રાચીન કાળથી વૈજ્ઞાનિક રીતે આ દિને આવતાં નવા વર્ષનું મહત્વ સમજવું જોઈએ અને સંઘની વિશ્વભરમાં ખ્યાતિ છે પરંતુ તેમનાં સંસ્થાપક ડો.હેડગેવારજીને ખૂબ ઓછા લોકો જાણે છે તે પ્રકારે વ્યક્તિને નહીં કાર્યને મહત્વ હોવુ જોઈએ. એમણે ઉમેર્યું કે, આવનારા સમયમાં ભારતીય સંસ્કૃતિ વિશ્વભરમાં સ્વિકૃત થનાર છે ત્યારે આપણે સૌએ સંગઠીત બનીને તેનાં વાહક બનવું જોઈએ.

આ કાર્યક્રમનાં અધ્યક્ષ તરીકે રા.સ્વ.સંઘનાં માનનીય નગર સંઘચાલક ડો.નરેન્દ્રભાઈ બસેર ઉપસ્થિત રહ્યા હતાં. સંઘનાં નગર કાર્યવાહ મહર્ષિભાઈ ભટ્ટે પથસંચલન અને કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ કરનાર સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ફતેપુરામાં વસતા રાજસ્થાની અગ્રવાલ અને મારવાડી પરિવારની મહિલાઓ દ્વારા ગણગોર તહેવારની ઉજવણી કરવામાં આવી



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,
દાહોદના ફતેપુરા પંથકમાં મોટાભાગે ધંધાર્થે રાજસ્થાન થી ફતેપુરામાં વર્ષો થી આવી અગ્રવાલ અને મારવાડી સમાજ વસવાટ કરે છે. ત્યારે ફતેપુરા પંથકમાં વસતા રાજસ્થાની અગ્રવાલ અને મારવાડી પરિવારની મહિલાઓ અને કુવારિકાઓ દર વર્ષે હોળીના બીજા દિવસ થી એટલે કે ધૂળેટીના દિવસ થી ૧૬ દિવસ સુધી ગણગોરના તહેવારની ઉજવણી કરે છે. મહિલા ઓ પોતાના પતિની લાંબી ઉંમર માટે તેમજ કુમારિકાઓ સારા વરની પ્રાપ્તિ માટે ગણગોરનું વ્રત કરે છે. ૧૬ દિવસ સુધી શિવજી અને પાર્વતી (ગણગોર)ની પૂજા કરે છે અને મહિલા ઓ અને કુવારિકાઓ હાથમાં મહેંદી મૂકી આ તહેવારને સતત ૧૬ દિવસ સુધી પરંપરાગત રીતે ઉજવણી કરવા કરે છે અને છેલ્લા દિવસે ગણગોર માતાની પૂજા અર્ચના કરી ધામધૂમ પૂર્વક વાજતે ગાજતે ડીજે ના તાલે ગણગોર માતા નો વરઘોડો કાઢીને પાણીમાં પધારવવામાં આવે છે. રાજસ્થાનમાં ગણગોરના તહેવારની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવે છે.

# દાહોદના ધામરડા ગામે ટામેટા તોડવા મુદ્દે મારામારી અને ઘાસના પુળા સળગાવી નુકશાન કરાયું

દાહોદ,
દાહોદ તાલુકાના ધામરડા ગામે ગતરોજ ખેતરમાંથી ટામેટા તોડવા બાબતે થયેલા ઝઘડામાં ફરિયાદ નોંધાવા પામી હતી. જ્યારે સામાપક્ષેથી પણ આ મામલે મહિલા સહિત ૧૬ વ્યક્તિઓ વિરૂદ્ધ વાડીમાંથી ટામેટા તોડવા બાબતે થયેલ ઝઘડાના આધારે મહિલા સહિત ચાર વ્યકિતઓને માર મારી તેમજ મોટરસાયકલ અને ઘાસના પૂળા વળગાવી નુકસાન પહોંચાડવાની ફરિયાદ નોંધાવતા પોલીસે બંને પક્ષોની સામેની ફરિયાદ નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગતરોજ દાહોદ તાલુકાના દાભડા ગામે ખેતરમાંથી ટામેટા તોડવા બાબતે ફરિયાદ નોંધાઈ હતી ત્યારે બીજી તરફ આજરોજ સામે પક્ષે પણ આ મામલે ફરિયાદ નોંધાઈ છે. જેમાં ગામમાં રહેતા બાબુભાઈ મલાભાઇ ભાભોરે ફરિયાદમાં જણાવ્યા અનુસાર પોતાના ખેતરની વાડીમાંથી ગામમાં રહેતા લીંબા ધનજીભાઈ હઠીલા, બોડીબેન લીંબાભાઇ હઠીલા, બચુ લીંબા હઠીલા, દિવાન લસન હઠીલા, વસન ભીમા હઠીલા, ઈશ્વર રાડુ હઠીલા, જવરસિંગ હઠીલા, શૈલેષ મકન હઠીલા, ભગા નાથા હઠીલા, સુનિલ હઠીલા, સચિન હઠીલા, મનીષ હઠીલા, વિકાસ હઠીલા,સંજય હઠીલા, અર્જુન હઠીલા, દુર્ગાબેન હઠીલા, કંકુબેન હઠીલા, સવિતાબેન હઠીલાનાઓ ખેતરની વાડીમાંથી ટામેટા કરતા હતા તે સમયે તેઓને ભગાડતાં તે બાબતની અદાવત રાખી હતી અને પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી ગેરકાયદેસર મંડળી બનાવી તેમજ હાથમાં છુટા પથ્થરો લઈ એકદમ ઉશ્કેરાઇ જઇ બેફામ ગાળો બોલી બાબુભાઈ, લાલુભાઇ, આકાશભાઈ અને કમા બેનને લોખંડની પાઇપ વડે, છુટા પથ્થરો વડે અને ગડદાપાટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધીંગાણું મચાવ્યો આબાદ ઘરના આંગણામાં મૂકી રાખ્યાં મોટરસાયકલ અને ઘાસના પૂળાને આગ ચંપી નુક્સાન પહોંચાડ્યું હતું.

આ સંબંધે ઈજાગ્રસ્ત બાબુભાઈ મલાભાઇ ભાભોર દ્વારા દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના એક બિલ્ડીંગમાં વીજ મોટરમાં શોર્ટ સર્કિટ થતાં વીજ મીટર બળીને ખાખ



દાહોદ,
દાહોદ શહેરમાં એક બિલ્ડીંગમાં લાગેલ વીજ મીટરોમાં અચાનક શોર્ટ સર્કિટના કારણે આગ ભભુકી ઉઠતાં વીજ મીટરો બળીને ખાખ થઈ ગયાં હતાં. ઘટનાને પગલે વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

આજરોજ બપોરના સમયે દાહોદ શહેરના ગોદી રોડ વિસ્તાર ખાતે આવેલ રીયલ બિલ્ડીંગમાં લાગેલ વીજ મીટરોમાં શોર્ટસર્કિટના કારણે આગ લાગી ગઈ હતી. લાગેલ આગને પગલે મીટરો સંપુર્ણ બળીને ખાખ થઈ ગયાં હતાં. આગની ઘટનાની જાણ ફાઈયર ફાઈટરના લાશ્કરોને કરવામાં આવતાં ફાઈયર ફાઈટરો પાણીના બંબા સાથે તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયાં હતાં અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવામાં આવી હતી. એમજીવીસએલને પણ આ ઘટનાની જાણ કરવામાં આવતાં એમજીવીસીએલના કર્મચારીઓએ તાત્કાલિક ધોરણે કામગીરી હાથ ધરી હતી.



નવનિયુક્ત જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણાએ જિલ્લાનો પદભાર સંભાળી લીધો છે. ત્યારે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી તેમજ જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ તેમને શુભેચ્છા પાઠવી હતી. તેમજ સ્માર્ટ સીટી-દાહોદનું સ્મૃતિચિહ્ન ભેટ આપ્યું હતું.

# દાહોદ સ્માર્ટ સીટી અંતર્ગત ચાલતા કામોના મંથરગતિને લઈ લોકોમાં રોષ



દાહોદ,
દાહોદ શહેરમાં હાલ જયાં જુઓ ત્યાં સ્માર્ટ સીટી અંતર્ગત અનેક કામકાજો ચાલી રહ્યાં છે અને તેમાંય ખાસ કરીને પાઈની પાઈપ લાઈનો તેમજ ભુગર્ભ ગટરની ખોદકામની ચાલતી કામગીરી પણ ચાલી રહી છે પરંતુ મંથર ગતિએ ચાલતી આ કામગીરીને પગલે લોકોમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. આજરોજ દાહોદના ઓવરબ્રિજ પર ભારે ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યાં હતાં. જેમાં એક એબ્લ્યુલંશ ટ્રાફિકની વચ્ચો વચ્ચ ફસાઈ જતાં ભારે હાલાકોની સામનો કરવો પડયો હતો. સ્થાનીકો સહિત સતત અવર જવર કરતાં વાહન ચાલકો અને રાહદારીઓમાં પણ આ ટ્રાફિકની સમસ્યાને પગલે રોષ જોવા મળી રહ્યો છે. એક તરફ ઉનાળાની કાળઝાળ ગરમી અને તેમાંય ભરબપોરે જો ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય તો લોકોની ભરઉનાળામાં કેવી હાલત થતી હશે? તે વિચારીને જ પરસેવે રેબઝેબ થઈ જવાય છે. ત્યારે એસી ચેમ્બરોમાં બેસતાં અધિકારીઓ અને સત્તાધિશોને દાહોદ શહેરવાસીઓની સમસ્યાનું ભાન હશે કે નહીં? તેવી અનેક ચર્ચાઓ પણ જોર પકડ્યું છે.

# દાહોદ APMC ખાતે આગ લાગતા અનાજની બોરીઓ બળી જતાં લાખોનું નુકશાન



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

દાહોદ,
દાહોદ શહેરમાં આવેલ એપીએમસી ખાતે અચાનક આગ લાગતાં ખુલ્લામાં પડેલ અનાજની બોરીયો બળીને ખાખ થઈ જતાં લાખ્ખાનું નુકસાન થયાનું જાણવા મળી રહ્યું છે.

ગતરોજ બપોરના સમયે દાહોદ એપીએમસી ગોડાઉન ખાતે ખુલ્લામાં મુકી રાખેલ અનાજની બોરીઓમાં અગમ્યકારણોસર આગ લાગી ગઈ હતી. આગે વિકરાળ રૂપ ધારણ કરતાં જોતજોતામાં આગની અગન જ્વાળાઓમાં અનાજની બોરીઓ બળીને ખાખ થઈ ગઈ હતી. ઘટનાની જાણ દાહોદ ફાઈયર ફાઈટરના લાશ્કરોને કરવામાં આવતાં ફાઈયર ફાઈટરના લાશ્કરો પાણીના બંબા સાથે ઘટના સ્થળે દોડી ગયાં હતાં. પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. આગમાં અંદાજે લાખ્ખોનું અનાજ બળી ગયું હોવાનું કહેવાઈ રહ્યું છે.

# સોમનાથનું રેલ્વેસ્ટેશન અતિ આધુનિક અને મંદિરને શોભાવે તેવુ બનાવાશે

ગીરસોમનાથ,
દેશનાં ૪૦ જેટલા રેલ્વેસ્ટેશનોને આધુનિક અને સુવિધાસભર બનાવવાના ચાલુ નાણાંકીય વર્ષના આયોજનમાં સૌરાષ્ટ્રમાંથી સોમનાથ રેલ્વેસ્ટેશનનો પણ સમાવેશ કરાયો છે અને આ માટેનું ટેન્ડર પણ ઈશ્યુ કરી દેવાયું છે. રેલ્વેના ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ દેશના કુલ ૩૨ રેલ્વેસ્ટેશનો માટે ટેન્ડર ઈશ્યુ કરાયા છે. ચાલુ વર્ષ દરમ્યાન ૪૦ જેટલા રેલ્વેસ્ટેશનનો ડેવલપ કરાશે. સોમનાથનું રેલ્વેસ્ટેશન અહીના ભવ્ય મંદિરને છાજે તેરીતે કલાકૃતિવાળુ બનશે અને તેની લાંબા અંતરની ટ્રેનોની સુવિધા વધારાશે. સરકાર દ્વારા દેશના વિવિધ ધાર્મિક સ્થળોને જોડતા જે રેલ્વે સર્કીટ બનાવવાની યોજના છે તેના ભાગરૂપે આ પ્રક્રિયા હાથ ધરાશે.. ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ સોમનાથના રેલ્વે સ્ટેશનને રીડેવલપ કરવા વધારાની જમીન મેળવવાની કાર્યવાહી પણ શરુ થઈ ગઈ છે.

# પેટ્રોલ-ડીઝલમાં ભાવ વધારો એ 'વડાપ્રધાન જનધન લૂટ યોજના' : રાહુલ ગાંધી

નવીદિલ્હી,
દેશમાં પેટ્રોલ-ડીઝલ તેમજ રસોઈ ગેસના ભાવો નિરંતર વધી રહ્યા છે. આ દરમિયાન કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પેટ્રોલ-ડીઝલ-ગેસના ભાવ વધારાને લઈને કેન્દ્ર સરકાર પર શાબ્દિક હુમલો કર્યો છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, આ 'વડાપ્રધાન જનધન લૂટ યોજના' છે. રાહુલ ગાંધીએ બાઈક, કાર, ટ્રેક્ટર અને ટ્રકના પેટ્રોલ ટેંક ફુલ કરાવવાની વર્તમાન કીંમતોની તુલના ૨૦૧૪ના સમયની કીંમતો સાથે કરીને એક ગ્રાફ ટ્વીટર પર શેર કર્યો છે.

કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ ટ્વીટ કર્યું કે, મોદી સરકારના કાર્યકાળમાં હવે દરેક સવાર પોતાની સાથે ઉમંગ નહીં, પરંતુ મોંઘવારીની ઉદાસી લઈને આવે છે. ઈંધણ લૂટના નવા જથ્થામાં આજે સવારે પણ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૪૦ પૈસા પ્રતિ લીટરનો વધારો થયો છે. સીએનજી પણ ૨.૫૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ મોંઘો થયો છે. કોંગ્રેસ પ્રવક્તા સુરજેવાલાએ આરોપ લગાવ્યો કે ભાજપને વોટ મતલબ મોંઘવારીનો જનાદેશ. પેટ્રોલ અને ડીઝલની કીંમતોમાં ફરી એક વાર ૪૦ પૈસા પ્રતિ લીટરનો વધારો થયો છે. બે સપ્તાહથી ઓછામાં સમયમાં પેટ્રોલની કીંમતોમાં કુલ ૮.૪૦ રૂપિયા પ્રતિ લીટરનો વધારો થયો છે. અહીંયા નોંધવું રહ્યું કે, ઉત્તરપ્રદેશ સહિત પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણી પૂર્વ પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો સ્થગિત કરાયો હતો, પરંતુ ચૂંટણી પરિણામ પછી નિરંતર પેટ્રોલ-ડીઝલ અને રસોઈ ગેસના ભાવમાં વધારો થઈ રહ્યો છે, જેના કારણે ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ રહ્યું છે.

# દે.બારીયા શહેરમાં સીકલીગર ગેંગને સંધ્ધીદ રીતે ઝડપી પાડવામાં આવી હતી

દે.બારીયા,
દે.બારીયા શહેરમાં સર્કલ બજારમાં તા.૪/૪/૨૦૨૨ના સોમવારની રાત્રે લગભગ ત્રણ વાગ્યાના સુમારે ફોર વ્હીલ ગાડીમાં સીકલીગર ગેંગના માણસો સંગ્ધીદ રીત ગાડી હંકારીને જતા ત્યાર તેમણે એક ઉભેલી કાર સાથે ભટકાવી દેતા ઉભેલી કારને નુકશાન થવા પામ્યો છે. અને આગળ થાંભલા સાથે પણ ભટકાતા તેમની ગાડીનું ડીઝલ રોડ ઉપર વેડફાતા ગાડીમાં સીકલીગર ગેંગના માણસો હોવાની પ્રથમ વિગતો પ્રાપ્ત થઈ છે.

મળતી માહિતી મુજબ દે.બારીયા શહેરમાં પણ ભુંડોને પાળીને પોતાનું ગુજરાન ચલાવતા સીકલીગર કોમના પરિવારો રહ છે. તેમના ભુંડો રાત્રીના સમયે ચોરી લઈ જનારા આ સીકલીગર ગેંગના માણસો આવતા આ બન્ને જુથોમાં જોરદાર ટકકર સાથે આ બહારની સીકલીગર ગેંગના માણસો દસથી બાર વ્યકિતઓ ભાગવા જતા ઉભેલી એક કાર મોટા ધડાકા સાથે ભટકાતા કારને મોટું નુકશાન થયું હોવાનું અનુમાન છે. લોકો અવાજના કારણે જાગી જતા પોલીસને ખબર મળતા રાત્રીના સમયે સંગ્ધીદ હાલતમાં ભાગવા જતા ભાંડો કુટયો આ અંગે સ્થાનિક પોલીસ આ તમામ સંગ્ધીદોની તપાસ કરે અને ધનિષ્ટ પૂછપરછ સાથે શહેરની આગળની ચોરીની ગતિવિધીઓની અંસાર મળી રહે તેવી સંભાવના લાગી રહી છે...?

# સેહરી કી ફઝીલત

હઝરત મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલય હિ વઆલેહિ વસલ્લમ કા ફરમાનને આલીશાન હૈ સેહકી ખાઓ ક્યોં કી સેહરી ખાને સે બરક્ત હૈ હમારે ઓર એ હલે કિતાબે કે રોઝો મેં ફર્ક શહરીકા લુકમાં હે (બુખારી.વ.મુસ્લીમ શરીફ)

રોઝા કિસ ચીજસે ઈફતાર કિયા જાએ ?

મસ્અલાઃ રસુલલ્લાહ સલ્લલ્લાહો અલય હે વઆબે હી વસલ્લમને ફરમાયા જબ કોઈ રોઝા ઈફતાર કરે તો ખજૂર યા છુહારે સે (ખારેક) સે ઈફતાર કરે કે વો બરક્ત હૈ ઓર અગર ન મિલે તો પાની સે કે વો પાક કરનેવાલા હૈ. (બ. હવાલા તોહ-ફ-એ રમઝાન શરીફ પેજ ૭૨-૭૩)

તા.૦૬/૦૪/૨૦૨૨ હિજરી ૧૪૪૩. ચાંદ-૪

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.189

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા સિવિલ હોસ્પિટલમાં

# તબીબોની હડતાળને લઈ બે મૃતદેહ ૧૨ કલાક સુધી પી.એમ.વગર રઝળયા







### મીડીયાના અહેવાલ બાદ સિવિલમાં ૧૨ કલાક થી પી.એમ.વગર રઝળતા મૃતદેહોનું આરોગ્ય મંત્રીની સુચના બાદ પી.એમ.કરાયું

ગોધરા સિવિલ હોસ્પિટલમાં તબીબોની હડતાળને લઈ બે મૃતદેહ પી.એમ. વગર રઝળી રહ્યા હોય મૃતકોના પરિવારજનોની રજુઆતને સિવિલ સત્તાધિશો સાંભળી રહ્યા ન હોવા અંગેનો અહેવાલ મીડીયામાં પ્રસાર થતાં આરોગ્ય મંત્રી પંચમહાલ મોરવા(હ) ધારાસભ્ય નિમિષા સુથાર દ્વારા જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્રને તાત્કાલીક સુચનાઓ આપવામાં આવતાં સિવિલ હોસ્પિટલમાં મૃતદેહનું પી.એમ. શરૂ કરવામાં આવ્યું હતું. છેલ્લા ૧૨ કલાક થી સિવિલ હોસ્પિટલમાં મૃતદેહ માટે પરિવારજનો રાહ જોતો હોય અને પરેશાન હોય તેમ છતાં હડતાળનું બહાનું કરીને તબીબો દ્વારા પી.એમ. કરવાની આનાકાની કરવામાં આવી તેમજ હડતાળના સમયે ઈમરજન્સી સેવામા ફરજ ઉપર હાજર તબીબ ડાૅ. એકાંક જહા દ્વારા ગરીબ પરિવારજનો અને મીડીયા સાથે કરવામાં આવેલા ઉદ્ધતાઈ ભર્યા વર્તન મામલે કાર્યવાહી કરવામાં આવે તેવી આરોગ્ય મંત્રીને રજુઆત કરાઈ છે.

**- હડતાળમાં ઈમરજન્સી સેવામાં હાજર તબીબ દ્વારા મીડીયા કર્મી અને પરિવારજનો સાથે ઉદ્ધતાઈ ભર્યું વર્તન.**


**- આપઘાતના કિસ્સામાં બે મૃતદેહનું પી.એમ.માટે ૧૨ કલાક બાદ આરોગ્ય મંત્રીની સુચનાથી પી.એમ.કરાયું.**

ગોધરા,

પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં સરકારી હોસ્પિટલના ગર્વમેન્ટ ડાૅકટર્સ ફોરમ સાથે સંકળાયેલા તબીબો પોતાની પડતર માંગણીઓને લઈ અચોકકસ મુદ્દતની હડતાળ ઉપર ઉતર્યા છે. આજે તબીબોની હડતાળનો બીજો દિવસ છે. ત્યારે ગોધરા સિવિલ હોસ્પિટલમાં તબીબોની હડતાળને લઈ છેલ્લા ૧૨ કલાક ઉપરાંતના સમયથી મૃતદેહો પી.એમ.વગર રઝળી રહ્યા છે. સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સી સેવામાં હાજર તબીબો દ્વારા મૃતકોના પરિવારજનો સાથે ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરવામાં આવ્યું. સાથે ઈમરજન્સી સેવામાં હાજર તબીબ દ્વારા મીડીયા સાથે પણ ઉદ્ધતાઈ અને બિનજવાબદારી ભર્યું વર્તન કર્યાનું સામે આવ્યું છે.

પંચમહાલ જીલ્લામાં સરકારી હોસ્પિટલના ગર્વમેન્ટ ડાૅકટર ફોરમ સાથે સંકળાયેલ ૫૬ તબીબો સોમવાર થી પોતાની પડતર માંગણીઓને લઈ અચોકકસ મુદ્દતની હડતાળ ઉપર ઉતર્યા છે. ગર્વમેન્ટ તબીબો પોતાની સાતમાં પગાર પંચ મુજબ નોન પ્રેકટીસીંગ એલાઉન્સ, વિભાગીય ભરતીઓ સરકારી તબીબોને મળતા લાભો જેવી ૧૮ માંગણી સરકાર સમક્ષ મુકવામાં આવી હોય તેમ છતાં નિરાકરણ ન આવતાં અચોકકસ મુદ્દતની હડતાળ ઉપર ઉતર્યા છે. ગોધરા સિવિલ હોસ્પિટલના તબીબો પણ હડતાળ ઉપર હોય સાથે ઈમરજન્સી સેવા ચાલુ રાખવામાં આવી હોય તેમ છતાં તબીબો હડતાળનું બહાનું કરીને ઈમરજન્સી સેવા આપવામાં પણ બેદરકારી દાખવી હોય તેમ લાગી રહ્યું છે. ગોધરા સિવિલ હોસ્પિટલમાં સોમવાર સાંજના ૬ વાગ્યાના સમયે આત્મહત્યાના બનાવમાં યુવક અને યુવતિનો મૃતદેહ પી.એમ.અર્થે ગોધરા લાવવામાં આવ્યો હતો અને મૃતદેહ છેલ્લા ૧૨ કલાક સુધી સિવિલ હોસ્પિટલના પી.એમ.રૂમમાં પડયા હોય જેને લઈ મૃતકોના પરિવારજનો દ્વારા સિવિલ હોસ્પિટલના સત્તાધીશોને મૃતકોના પી.એમ. માટે અનેક વખત રજુઆત કરવામાં આવી હોય છતાં હડતાળ હોવાનું બહાનું કરી કોઈપણ તબીબી પી.એમ. માટે નહી આવતાં પરિવારજનો મુશ્કેલીમાં મુકાયા હતા. યુવક–યુવતિના આપઘાતનો કિસ્સો હોવાને લઈ પી.એમ. જરૂરી હોય પરંતુ સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સી સેવામાં તૈનાત હોય તેવા એકપણ તબીબી પી.એમ. માટે તૈયાર થયા ન હતા અને મૃતકોના પરિવારજનો સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કરવામાં આવ્યું હતું. સિવિલ હોસ્પિટલમાં તબીબોની હડતાળને લઈ છેલ્લા ૧૨ કલાક થી બે મૃતદેહ પી.એમ. વગર રઝળી રહ્યા હોય તે કિસ્સાને લઈ મીડીયા સિવિલ હોસ્પિટલમાં પહોંચ્યું હતું અને ઈમરજન્સી વિભાગના તબીબ ડાૅ. એકાંક ઝા ને છેલ્લા ૧૨ કલાક થી પી.એમ. વગર મૃતદેહો રઝડતા હોવા મૃદ્દે પ્રશ્ન પુછતા તબીબ ઉશ્કેરાઈ ગયા હતા. તબીબે પોતાની કારનો દરવાજો મીડીયા કર્મીને અથડાવી કાર લઈ નિકળી ગયા હતા. સિવિલ હોસ્પિટલમાં તબીબોની હડતાળના પગલે ૧૨ કલાક થી બે પી.એમ.માટે પરિવારજનો પરેશાન હોય છતાં તેવા પ્રશ્નનો જવાબ ન આપી તબીબ દ્વારા મીડીયા કર્મીઓ સાથે ઉદ્ધતાઈ કરીને જોતાં ૧૨ કલાક થી પી.એમ.ની રાહ જોતાં પરિવારજનો સાથે તબીબોનું વર્તન કેવું હશે તે સમજાઈ રહ્યું છે. તબીબ દ્વારા ગ્રામ્ય વિસ્તાર માંથી આવતાં મૃતકોના પરિવારજનો સાથે અંગ્રેજી ભાષામાં વાત કરી ઉદ્ધતાઈ ઉપર ઉતરી આવ્યા હતા.

## ચૈત્રી નવરાત્રી દરમ્યાન સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ એક લાખ ભાવીક ભકતોએ માતાજીના ચરણોમાં શિશ ઝુકાવ્યું



તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

પાવાગઢ,

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ચૈત્રી નવરાત્રી મંગળવારના દિવસે એક લાખની સંખ્યામા સળગતી આગ જેવા તાપમાનમા દુર દુર થી આવેલા ભાવીક ભકતો એસ.ટી બસો. રોપવે અને નિજમંદીરના દર્શન માટે કંલાકો સુધી ઉભા રહી એકાવન શકિતપીઠ પાવાગઢ ડુંગર ઉપર બિરાજમાન મહાકાળી માતાજીના દર્શનનો લાભ લઈ શિશ જુકાવી ધન્યતા અનુભવ્યા હતા. નવરાત્રીના પ્રારંભ થી દર્શનાર્થીઓનો પ્રવાહ વધતો જઈ રહ્યો છે. હાલ સમગ્ર ગુજરાત રાજયમાં વૈશ્વિક કોરોના મહામારીના કેસોમાં રાહત અનુભવાઈ છે. ત્યારે પ્રતિબંધાત્મક છુટછાટને કારણે બે વર્ષ બાદ ભાવિક ભક્તોને પ્રત્યક્ષ દર્શન કરવાનો લ્હાવો મળતા ભાવીક ભકતો માં આનંદની લાગની છવાઈ હતી. સાથે કાળજાળ ગરમી અને ઘોમધકતા તળકામા કલાકો સુધી બસો, રોપવે અને નિજમંદીરે દર્શનાર્થીઓ લાઈનમાં ઉભા રહી નિજમંદીરે માતાજીના દર્શન કર્યા હતા. જય માતાજી... જય માતાજી ના નાંદ સાથે મંદિર પરિસરની દિવાલો ભાવિક ભક્તોના નાંદ ગુંજી ઉઠી હતી. છેલ્લા બે વર્ષ થી વૈશ્વિક કોરોના મહામારીને કારણે પાવાગઢ નિજમંદીર ચૈત્રી નવરાત્રી દરમ્યાન પ્રતિબંધક નિયમોના કારણે બંધ રહેતા માઈ ભકતો માતાજીના દર્શન થી વંચીત રહ્યા હતા. પરંતુ ૨૦૨૨ ના ચાલુ વર્ષ દરમિયાન ચૈત્રી નવરાત્રી દરમ્યાન ભાવીક ભક્તોનો ઉત્સાહ વિશેષ પ્રમાણમાં જોવા મળ્યો છે. જેમાં પોલીસ તંત્ર દ્વારા બંદોબસ્ત ગોઠવી ખડેપગે રહી ચૈત્રી નવરાત્રી દરમ્યાન આવતા ભાવીક ભક્તો ને કોઈ પણ પ્રકાર ની મુશ્કેલીમા સેવા આપી ફરજ બજાવવા તત્પર ની તૈયારીઓ દર્શાવેલ છે. ચૈત્રી નવરાત્રીના પવિત્ર દિવસોએ માતાજીનો શ્રેષ્ઠ સમય દરમિયાન એકાવન શકિતપીઠ પાવાગઢ નિજમંદીરે માતાજીના દર્શને લાખો શ્રદ્ધાળુઓ ભાવીક ભકતો માતાજીના દર્શનાર્થે આવશે તે અનુસાર તંત્ર દ્વારા તમામ તૈયારીઓ કરવા આવેલ છે.દર વર્ષે વિસ થી પચ્ચીસ લાખ ઉપરાંતના માઈ ભક્તો માતાજીના ચરણોમા શિશ ઝુકાવતા હોય છે. ચૈત્રી નવરાત્રી દરમ્યાન સતત વધતા ભાવીક ભકતો માતાજીના દર્શનાર્થે આવતા હોય છે. જેમાં હાલોલ થી પાવાગઢ રોડ ઉપર અનેક સેવાભાવી સમાજ સેવકો દ્વારા વિશામાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. પગપાળા આવતા યાત્રાળુઓ માટે સમાજ સેવકો દ્વારા પગપાળા જતા યાત્રાળુઓ ની સેવા માટે તૈયારીઓ થઈ રહી છે. પાવાગઢ નિજમંદીરના દ્વાર સવારે પાંચ વાગ્યે ખુલશે અને સાંજે રાત્રે આઠ વાગ્યાના સમયે બંધ કરવામાં આવનાર છે. માતાજીના ભાવીક ભક્તોનો ભારે પ્રવાહને ઘ્યાને લઈ નવમી નવરાત્રી તેમજ પુનમ દિવસે મંદિરના દ્વાર ચાર વાગ્યે ખોવલામા આવશે. ચૈત્રી નવરાત્રીના ચોથા દિવસે મંગળવારના રોજ ભાવીક ભક્તો પ્રવાહ વધુ જોવા મળ્યો હતો. જેમાં એક લાખ જેટલા ભાવીક ભક્તોએ યાત્રાધામ પાવાગઢ ડુંગર ઉપર બિરાજમાન માતાજીના દર્શને શિશ ઝુકાવી ધન્યતા અનુભવ્યા.

## કાલોલ સર્કિટ હાઉસ ખાતે પત્રકાર એકતા સંગઠનની મિટિંગ યોજાઈ



તસ્વીર : નુર બાલા, વેજલપુર

કાલોલ,

પંચમહાલ જિલ્લાના કાલોલ સર્કિટ હાઉસ ખાતે પત્રકાર એકતા સંગઠનની મિટિંગ યોજાઈ. જેમાં હાજર જિલ્લા પ્રમુખ ઈસ્માઈલભાઈ જભા, ઉપપ્રમુખ ઈમરાનભાઈ તેતરા, જિલ્લા ખજાનચી દીલુ હાજી, વસીમ મામની આઈ ટી સેલ અનસ ભાઈ દાવલાની હાજરીમાં કાલોલ તાલુકાના કાલોલ પત્રકાર પ્રમુખ તરીકે પત્રકાર એકતા સંગઠનની કાર્યપધ્ધતિ મુજબ કાયદેસરની ચૂંટણી પ્રક્રિયા યોજી હતી અને પ્રમુખ પદ માટે ઉમેદવારોના નામની દરખાસ્ત માંગી હતી. ત્યારે પ્રમુખ પદ માટે બે ઉમેદવારો એ દાવેદારી કરી હતી. ચુંટણી પ્રક્રિયા યોજાતા કાલોલ તાલુકાના પત્રકાર પ્રમુખ તરીકે નૂર મોહંમદ બાલા, ઉપપ્રમુખ તરીકે વિજયભાઈ વાઘેલા, બીજા ઉપપ્રમુખ તરીકે લુકમાનભાઈ ખુધા, મહામંત્રી તરીકે ઝાકીરભાઈ શેખ, સેહજાદ પઠાણ, જયદીપ ઠાકોર અને મંત્રી તરીકે સુનિલભાઈ બેલદાર ઈમરાનભાઈ પાડવા, સહ મંત્રી તરીકે યોગેશભાઈ કાછીયા, સોકતભાઈ ગડ્ડા, ખજાનચી તરીકે અતુલભાઈ સોની અને કાલોલ આઈટી સેલ તરીકે ઈમરાન પઠાણ અને પંચમહાલ જિલ્લા મહામંત્રી તરીકે જયવીરસિંહ સોલંકીની વરણી કરવામાં આવી હતી. જેમાં ખાસ પધારેલા મહેમાન જિલ્લા પ્રમુખ તરીકે ઈસ્માઈલભાઈ જભા દ્વારા તમામ ની લોકશાહી ઢબે ચૂંટણી પ્રક્રિયા કરી વરણી કરવામાં આવી હતી. આ વરણી કરવાનો મુખ્ય હેતુ કે પત્રકારોનું એક મજબૂત સંગઠન બને અને પત્રકારોનું એકતાનું મનોબળ જળવાઈ રહે જિલ્લા અને તાલુકામાં કારોબારી કરી શકે સંગઠન માત્ર નામનું નહિ પરંતુ કામનું કહી શકાય તેવું સંગઠન હાલ પત્રકારનો અવાજ બની સરકાર સાથે વાટાઘાટા કરીને પત્રકારોને ન્યાય અપાવવાના પંથ પર ચાલી રહયુ છે. તે માટે જિલ્લા અને કાલોલ તાલુકામાં પત્રકાર એકતા સંગઠનની મિટિંગ કાલોલ સર્કિટ હાઉસ ખાતે યોજાઈ.

## વેજલપુર મોટા મહોલ્લા વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યાને લઈ સરપંચ-તલાટીને રજુઆત

વેજલપુર,

વેજલપુર મોટા મહોલ્લા વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા દુર કરવા પંચાયત તલાટી અને સરપંચને રજુઆત છતાં પાણીની સમસ્યા હલ નહીં થતાં લોકો પરેશાન થઈ રહ્યા છે.

કાલોલ તાલુકાના વેજલપુર મોટા મહોલ્લા વિસ્તારમાં ભરઉનાળાના સમયે પીવાના પાણીની સમસ્યા સર્જાઈ છે. આ વિસ્તારના રહિશો દ્વારા ગ્રામ પંચાયત સરપંચ અને તલાટીને પાણીની સમસ્યા હલ કરવા લેખિતમાં રજુઆત કરવામાં આવી હોવા છતાં પંચાયત દ્વારા પાણીની સમસ્યા હલ કરવામાં આવી નથી. આ વિસ્તારમાં માંથી પીવાના પાણીની મેઈન લાઈન પસાર થતી હોય ત્યારે પંચાયત દ્વારા પાણીની નવી પાઈપ લાઈન નાખીને મેઈન લાઈન સાથે જોડીને પાણીના પ્રશ્નોનો કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી માંગ સાથે વેજલપુર પંચાયત સરપંચ અને તલાટીને રજુઆત કરાઈ છે.



હિમાંશુ સોલંકીએ જિલ્લા પોલીસ વડા પંચમહાલ તરીકેનો ચાર્જ સંભાળ્યો. તાજેતરમાં જ હિમાંશુ સોલંકીની ઈન્ટેલિજન્સ, ગાંધીનગરથી બદલી કરી મુકવામાં આવ્યા છે. પંચમહાલ જિલ્લા પોલીસ વડા તરીકે ચાર્જ સંભાળી હિમાંશુ સોલંકીએ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ સમાજમાં રહેલ બદીઓ તેમજ ગુન્હાહિત માનસિકતા ધરાવતા ઈસમો સામે કાયદા પ્રમાણે જ કામ કરી સ્થિતિ વધુ સુદ્રઢ બનાવવાની નેમ વ્યકત કરી.

## ગોધરા લો કોલેજ અને રોટરી કલબ માર્ગદર્શક હેઠળ પોષણ પખવાડિયાની ઉજવણી કરાઈ



ગોધરા,

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકાર તથા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા NSS વિભાગ દ્વારા તા.૨૧/૦૩/૨૨ થી તા–૦૪/૦૪/૨૨ દરમિયાન પોષણ પખવાડિયા ની ઉજવણીના પરિપેક્ષમા તેમજ રોટરી ઈન્ટરનેશનલના વિવિધ પ્રકલ્પ માંના એક એવા કુપોષણ નિવારણ અંતર્ગત શ્રી પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ દ્વારા સંચલિત લો કોલજ ગોધરાના આચાર્ય અને રોટરી કલબ, ગોધરાના પ્રમુખ ડો. અપૂર્વ પાઠક સાહેબના માર્ગદર્શક હેઠળ આજરોજ તા.૦૪.૦૪.૨૦૨૨ના રોજ વાઘજીપૂર આંગણવાડી, ઘડિયા ફળીયા વર્ગ પ્રાથમિક શાળા તથા કંકુ થાંભલા આંગણવાડી ખાતે મોટી સંખ્યામાં બાળકોની શારીરિક તપાસ તેમજ પોષણયુકત કેડબરી વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વાઘજીપુર આંગણવાડીના કાર્યકર સુમિત્રા બારીયા સહિત આશરે ૩૦ બાળકો, કંકુથાભલાના આંગણવાડીના કાર્યકર રમીલાબેન પટેલ સહિત ૨૦–૨૨ બાળકોની મુલાકાત લેવામાં આવી જેમાં ગોધરાના ડો.શ્યામસુંદર શર્મા તથા ડો.જયકિશન તોલારામાની દ્વારા બાળકોની શારીરિક તપાસ કરી વિટામીન તેમજ શકિતવર્ધક ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમના આયોજનમાં લો કોલેજના ડો. અમિત મેહતા તથા રોટરી કલબ ગોધરાના પ્રોજકટ ચેરમેન ડો. કૃપા જયસ્વાલે ભારે જહેમત ઉઠાવી હતી. તદ્દઉપરાંત કંકુ થાંભલા ગામના ડેપ્યુટી સરપંચ સુનીલભાઈ ગણાવા, વાઘજીપુર ઘડિયા ફળીયા વર્ગ શાળાનાં પ્રિન્સિપાલ અરવિંદભાઈ બારીયા અને વાઘજીપુરનાં પી.એમ. પોષણ યોજના સંચાલક રેખાબેન સોલંકીના સહયોગથી સમગ્ર કાર્યક્રમ અત્યંત સફળ રહ્યો હતો.

## અમૂલ ડેરીનો રેકોર્ડબ્રેક ટર્નઓવર, ૧૦ હજાર કરોડને પાર

અમદાવાદ,

દેશની બ્રાન્ડ અમૂલ દૂધની કંપનીએ રેકોર્ડ સર્જાયો છે, જેના પગલે વિશ્વમાં અમૂલ કંપનીનું નામ ખુબ પ્રખ્યાત થયું છે, કંપનીએ ટર્નઓવરમાં રેકોર્ડ કરી નાંખ્યો છે. અમૂલ દૂધની કંપનીના ટર્નઓવરમાં સૌથી મોટો વધારો નોંધાવ્યો છે. કંપનીનું વાર્ષિક ટર્નઓવર ૧૯ ટકા વધી ૧૦ હજાર ૨૨૯ કરોડ પર પહોંચ્યુ છે. ગત વર્ષે કંપનીમાં દૂધની ૧૩૧ કરોડ લીટર થઈ હતી. જ્યારે ચાલુ વર્ષે કંપનીમાં દૂધની ૧૫૦ કરોડ લીટર દૂધની આવક થઈ છે. ગત વર્ષ કંપનીએ ૩૨૦ કરોડ રૂપિયાની ચૂકવણી કરી હતી. જ્યારે આ વર્ષે કંપનીએ ૩૫૦ કરોડ રૂપિયાની ખેડૂતોને ચૂકવણી કરી છે. જેમાં ૯.૩૭ ટકાનો વધારો થયો છે.

અમૂલ કંપનીએ દેશનું નામ વિશ્વમાં પ્રખ્યાત કર્યું છે. ડેરીએ વર્ષ ૨૦૨૧-૨૨ માં સારો દેખાવ કર્યો છે. સામાન્ય રીતે વર્ષ ૨૦૨૧-૨૨ આંતરરાષ્ટ્રીય ડેરી વેપાર માટે ખૂબ જ કપરું હતું, તેમ છતાં અમૂલ ડેરીનું વાર્ષિક ટર્નઓવર રૂપિયા ૧૦,૨૨૯ કરોડને પાર કરી ગયું છે. જે સંઘના ઈતિહાસમાં સર્વાધિક છે. જે ગત વર્ષના રૂપિયા ૮૫૯૮ કરોડની તુલનામાં ધંધાની કુલ ૧૯ ટકા વૃદ્ધિ દર્શાવે છે. સંઘના વ્યવસાયમાં કલકત્તા, પૂણે તથા મુંબઈ સહિત સમગ્ર રીતે સંતોષકારક વધારો થયેલો હોવાનું ચેરમેન રામસિંહ પરમારે જણાવ્યું હતું.

ગુજરાતની અને વિશ્વવિખ્યાત અમુલ ડેરી મામલે મહત્વના અહેવાલ સામે આવ્યા છે. જેમાં ગુજરાત રાજ્યની અમુલનું વાર્ષિક ટર્ન ઓવર ૧૦ હજાર કરોડને પાર થઈ ગયું છે. અમુલના વાર્ષિક ટર્ન ઓવરમાં ૧૯ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. ગત વર્ષે દૂધની આવક ૧૩૧ કરોડ લીટર થઈ હતી. ચાલુ વર્ષે દૂધની ૧૫૦ કરોડ લીટરની આવક થઈ છે. ખેડૂતોને કંપનીએ ૩૫૦ કરોડ રૂપિયાની ચૂકવણી પણ કરી છે. ખેડૂતોને ચૂકવણીમાં ૯.૩૭ કરોડ રૂપિયાનો વધારો નોંધાવ્યો છે.

## ગોધરા સરકારી ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ૨૦ વૃક્ષો વાવવામાં આવ્યા




ગોધરા,

સરકારી ઈજનેરી કોલેજ ગોધરા ખાતે ISHRAE સ્ટુડન્ટ ચેપ્ટર અંતર્ગત પ્રો.હાર્દિક શુક્લ અને પ્રો.પ્રકાશ વસાવા દ્વારા ૪૫ જેટલા વિદ્યાર્થીઓની મદદ થી આશરે ૨૦ જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા હતા. આચાર્ય પ્રો. એ.કે. પટેલ એ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને વૃક્ષો વાવવાનું આહવાન કર્યું હતું. જેનાથી પર્યાવરણનું રક્ષણ થઈ શકે અને પૃથ્વી પર પર્યાવરણ સંતુલન દ્વારા તાપમાન નિયંત્રણ કરી શકાય. મિકેનિકલ વિભાગની વિદ્યાર્થીની જેસીકા પ્રજાપતિ અને વિશાલ સિંઘ, દિગ્વિજય વિગેરે વિદ્યાર્થીઓએ પ્રો. હાર્દિક શુક્લ, પ્રો. પ્રકાશ વસાવા અને પ્રો.એ.કે.પટેલ ની પર્યાવરણ જાગૃતિલક્ષી આ કાર્યક્રમ કરવા બદલમાં આભાર માન્યો હતો અને વિદ્યાર્થીઓએ વૃક્ષોની નિયમિત જતન કરીશું એવું જણાવ્યું હતું.